પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૦૭ • કુલ પાના : ૪ • તારીખ : ૨૯-૦૮-૨૦૨૨ સોમવાર • કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

PM મોદીએ કચ્છીઓને અનેક વિકાસકાર્યોની ભેટ આપી

જે કચ્છમાં સિંચાઈ પરિયોજનાનું કોઈ વિચારી શક્તુ ન હતું ત્યાં અમે ડેમ બનાવ્યાં : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

ભુજ,

કચ્છ માટે આજે મોટો દિવસ છે. પીએમ મોદીએ આજે કચ્છીઓને અનેક વિકાસકાર્યોની ભેટ આપી છે. કાર્યક્રમમાં સ્ટેજ પર પીએમ મોદીનું કચ્છી પાઘડી અને કચ્છી જેકેટ પહેરાવીને સ્વાગત કરાયું. પ્રધાનમંત્રીએ સ્ટેજ પરથી નર્મદા નદીની કચ્છ શાખા નહેરની તખતીનું રિમોટ કન્ટ્રોલથી અનાવરણ કર્યું. તેમણે આ નહેરને વિધિવત રીતે જનસમર્પિત કરી હતી. આ ક્ષણે નહેરના દરવાજા ખૂલીને નર્મદાના પાણી કચ્છમાં પહોંચ્યા હતા. જે કચ્છની સમૃદ્ધિના દ્વાર ખૂલશે. કચ્છમાં હવે જળક્રાંતિ આવશે. રણોત્સવથી ઓળખાતું કચ્છ જળોત્સવ ઉજવી રહ્યું છે. વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરીને પીએમ મોદીએ કચ્છની પ્રજાને સંબોધન કર્યું. ભૂકંપના દિવસોને યાદ કરીને પીએમ મોદી ભાવુક થઈ ગયા હતા.

કચ્છીઓને સંબોધતા તેમણે કહ્યું કે, આજે મન ભાવનાઓથી ભરેલું છે. સ્મૃતિવન અને બાળ વીર સ્મારકના નિર્માણમાં માત્ર પસીનો જ નહિ, કેટલાક પરિવારના આસુંઓએ પણ તેના ઈંટ-પત્થરોનું સિંચન કર્યું છે. મને યાદ છે અંજારમાં બાળકોના પરિજનોએ બાળ સ્મારક બનાવવાનો વિચાર મૂક્યો હતો. ત્યારે નક્કી કર્યુ હતું કે તેને પૂરુ કરીશું. તે પ્રણ આજે પૂરો કર્યો. જેઓએ સ્વજનોને ગુમાવ્યા, બાળકોને ગુમાવ્યા, આજે ભારે મનથી આ સ્મારકોને તેમને સમર્પિત કરું છું. આજે કચ્છ સાથે જોડાયેલા ૪૦૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું. જે કચ્છના વિકાસ માટે ડબલ એન્જિનના સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આજે ભૂજની ધરતી પર આવીને સ્મૃતિવન જઈ રહ્યો હતો ત્યારે આખા રસ્તામાં કચ્છે જે પ્રેમ વરસાવ્યો, તેનાથી આ ધરતી અને અહીંના લોકોને નમન કરુ છું.

તેમણે કહ્યું કે, સ્મૃતિવનમાંથી પસાર થયો તો અનેક જૂની યાદો તરી આવી. અમેરિકામાં આતંકી હુમલા બાદ પોઈન્ટ ઝીરો નામનું એક સ્મારક બનાવાયું છે. જાપાનમાં હીરોશીમા બાદ બનાવાયેલું મ્યૂઝિયમ પણ જોયું છે. આજે સ્મૃતિવન જોયા બાદ દેશવાસીઓને કહેવુ છે કે આપણું સ્મૃતિવન દેશના સ્મારકોની તુલનામાં એક કદમ પણ પાછળ નથી.

તેમણે કહ્યું કે, સામૂહિકતાની શક્તિએ મુશ્કેલ સમયમાં કચ્છ અને ગુજરાતને સંભાળ્યું. અગણિત નામોની સ્મૃતિ મારી નજર સામે આવે છે. ધીરુભાઈ શાહ, તારાચંદ છેડા, પ્રતાપસિંહ જાડેજા, હીરાલાલ પારેખ, જનસુખ ઠક્કર, રસીક ઠક્કર, ભોપાલભાઈ, અંજારના ચંપકલાલ શાહ જેવા લોકોની સાથે ખભા સાથે ખભા મળાવીને કામ કરવાનુ સૌભાગ્ય મળ્યુ હતું. આજે તેઓ હયાત નથી. તેમની આત્મા જ્યા પણ હશે કચ્છના વિકાસ માટે તેમને સંતુષ્ટિ અનુભવાશે અને આપણને આશીર્વાદ આપશે. આજે પણ કચ્છના વિકાસને આ લોકો પ્રેરણા આપે છે. કચ્છમાં રસ્તે ચાલતા પણ કોઈ વ્યક્તિ સપનુ સેવે તો આખું કચ્છ તેને વટવૃક્ષ બનાવવામાં જોડાઈ જાય છએ. કચ્છના આ જ સંસ્કારોએ આશંકા આકલનને ખોટુ સાબિત કર્યું. કચ્છ ક્યારેય ઉભુ નહિ થઈ શકે એવુ કહેનારા બહુ જ હતા. પણ આજે અહી તસવીર બદલાઈ ગઈ છે. ભૂકંપ પછીની દિવાળી મેં ઉજવી નથી. મારી સરકારના કોઈ મંત્રીએ દિવાળી ઉજવી નથી. ભૂકંપ બાદની પહેલી દિવાળીમાં સ્વજનોની યાદ આવવી સ્વભાવિક હતું. તેથી હું તમારી વચ્ચે આવીને રહ્યો. તેથી જ હું વર્ષોથી દિવાળી બોર્ડર પર જઈને દેશના જવાનો સાથે ઉજવું છું. તે વર્ષે મેં પરંપરા છોડીને ભૂકંપ પીડિતો વચ્ચે આવ્યો હતો. મુશ્કેલીના એ દિવસોમાં મેં કહ્યુ હતું કે, કે આપણે આપદાને અવસરમાં બદલીને રહીશું. તમને જે રણ દેખાય છે તે રણમાં મને ભારતનું તોરણ દેખાય છે. આજે હું લાલ કિલ્લાથી કહુ છું કે, ૨૦૪૭ ભારત વિકસીત દેશ બનશે. આજે તે સત્ય બનીને ઉભર્યું છે.

તેમણે કચ્છીઓ માટે કહ્યું કે, જે કચ્છમાં સિંચાઈ પરિયોજનાનું કોઈ વિચારી શક્તુ ન હતું. ત્યાં અમે ડેમ બનાવ્યાં. બાળકના જન્મના ચારચાર વર્ષ સુધી વરસાદ પડતો ન હતો એવા દિવસો પણ હતા. બે દાયકા પહેલા કચ્છમાં ડેમ બનશે તેવુ કોઈ વિચાર પણ કરતુ ન હતુ. પરંતુ આજે જે એકવાર અહી આવે છે તે કચ્છને ભૂલી શક્તો નથી. અહીંની દાબેલી, ભેલપુરી, કચ્છની ખારેક, કેસરનો સ્વાદ અહીં બધુ જ છે. જૂની કહેવત છે. મહેનતનુ ફળ મીઠું હોય છે. કચ્છે આ કહેવતને જમીન પર ઉતારી છે. ફળ ઉત્પાદનમાં કચ્છ ગુજરાતમાં નંબર વન જિલ્લો છે. અહીંના કમલમ, ખજૂર, અનાર વિદેશમા પણ મીઠાશ ફેલાવી રહ્યાં છે.

આજે આ જ કચ્છમાં પશુધનથી ધન વધારવાનું શરૂ કર્યું છે. ૨૦ વર્ષમાં અહીં દૂધનુ ઉત્પાદન ત્રણ ગણું વધ્યું. સરહદ ડેરીના પ્રારંભે માત્ર ૧૪૦૦ લીટર દૂધ જમા થતુ હતું. પરંતુ આજે ૫ લાખ લિટર દૂધ ભેગુ થાય છે. કચ્છએ આખા ગુજરાતને વિકાસની નવી ગતિ આપી છે. એક સમયે ગુજરાત પર કુદરતી આપદાના અનેક સંકટ આવી રહ્યાં હતા. ગુજરાત પર ષડયંત્રો થતા. આવી સ્થિતિમાં પણ એક તરફ ગુજરાત ડિઝાસ્ટર એક્ટ બનાવતુ પહેલુ રાજ્ય બન્યું. તેના પર કાયદો બન્યો. આ કાયદો કોરોનાકાળમાં ઘણો કામમાં આવ્યો. કચ્છના વિકાસ માટે લાખો કરોડો રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ થયું છે. અહી દુનિયાના સૌથી મોટા સિમેન્ટ પ્લાન્ટ છે. દુનિયાનો બીજો સૌથી મોટો ટેક્સટાઈલ પ્લાન્ટ છે. હિન્દુસ્તાનમાં કોઈ એવુ નહિ હોય જેણે અહીંનું મીઠું ખાધુ નહિ હોય.

કચ્છનો ક અને ખમીરનો ખ એનુ નામ મારો કચ્છડો બારેમાસ. સ્મૃતિવન દુનિયાનું મહત્વનુ નજરાણું છે, તેને જાળવવાની જવાબદારી તમારી છે. ભૂજિયા ડુંગરને લીલોછમ બનાવવાનો છે. રણોત્સવમાં જેટલી તાકાત છે, તેના કરતા અનેકગણી તાકાત સ્મૃતિવનમાં છે. આ મોકો ચૂકતા નહિ. સપના સાથે અને સંકલ્પ સાથે મેં તેમાં કામ કર્યું છે. તેમાં તમારી ભાગીદારી સાથ સહકાર જોઈએ. ભુજિયો ડુંગર જીવતો થાય તેના માટે તમારો સાથે જોઈએ.

બિલકિસ બાનો કેસ : ૧૩૪ પૂર્વ બ્યૂરોક્રેટ્સે સુપ્રીમ કોર્ટને ઓપન પત્ર લખી,૧૧ દોષિતોને ફરીથી જેલમાં નાખવાની માગ કરી

નવીદિલ્હી,

ગેંગરેપ પીડિતા બિલકિસ બાનોના દોષિતોને સજામુક્ત કરવાનો મામલો શાંત પડતો દેખાતો નથી. દેશભરમાંથી અલગ અલગ પ્રતિક્રિયાઓ આવી રહી છે. હવે ૧૩૪ પૂર્વ બ્યૂરોક્રેટ્સે એક ઓપન લેટર લખીને દોષિતોને સજામુક્ત કરવાના નિર્ણયને ફરીથી સુધારવા માટે સુપ્રીમ કોર્ટ સમક્ષ આગ્રહ કર્યો છે.

બિલકિસ બાનો સાથે જઘન્ય અપરાધ આચરવામાં આવ્યો હતો. તે સમયે તેની ઉંમર ૨૧ વર્ષ હતી અને પાંચ મહિનાની તે ગર્ભવતી હતી. દોષિતોએ તેમની ૩ વર્ષની બાળકી સહિત પરિવારના સાત લોકોની હત્યા કરી દીધી હતી. બિલકિસ બાનોની માતા સાથે પણ રેપ કરવામાં આવ્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલા વિવાદ બાદ સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે ૨૦૦૮માં ૧૧ દોષિતોને આજીવન કારાવાસની સજા સંભળાવી હતી. બાદમાં બોમ્બે હાઈકોર્ટે આ ચુકાદાને યથાવત રાખ્યો હતો.

૧૫ વર્ષની સજા કાપી ચુકેલા એક દોષિ રાધેશ્યામ શાહે સમય પહેલા સજામુક્ત થવા માટે સુપ્રીમ કોર્ટ પાસેથી આજીજી કરી હતી. વડી અદાલતે રાધેશ્યામની અરજી પર નિર્દેશ આપ્યો કે, ગુજરાત સરકાર દ્વારા સમય કરતા પહેલા મુક્તની અરજી પર ૯ જૂલાઈ ૧૯૯૫ની માફી નીતિ અંતર્ગત બે મહિનાની અંદર વિચાર કરવામાં આવે. ત્યાર બાદ ૧૫ ઓગસ્ટના રોજ દોષિતોને સજામુક્ત કરવામાં આવ્યા. બિલકિસ બાનોના દોષિતોને સજામુક્ત થવા પર સોશિયલ મીડિયા પર લોકોનો ગુસ્સો સાતમા આસમાને છે. ત્યારથી આ મામલે ગુજરાત સરકારે અને કેન્દ્ર સરકારની ટિકા થઈ રહી છે.

ટ્વીન ટાવરને ૩૭૦૦ કિલો વિસ્ફોટકોથી ૩૨ અને ૨૯ માળના ટાવરને તોડી પડાયા

ટ્વીન ટાવર ૧૨ સેકન્ડમાં જ કાટમાળ બની ગયાં, ચારે બાજુ ધૂળનાં ગોટેગોટા

નોઈડા,

નોઈડાના સેક્ટર ૯૩માં બનેલા સુપરટેકના ગેરકાયદે ટ્વીન ટાવરને બપોરે ૨.૩૦ વાગ્યે તોડી પાડવામાં આવ્યા હતા. ૧૦૦ મીટરથી વધુની ઊંચાઈ ધરાવતા બંને ટાવરને ધ્વસ્ત થવામાં માત્ર ૧૨ સેકન્ડનો સમય લાગ્યો હતો. વિસ્ફોટ પહેલા લગભગ ૭ હજાર લોકોને વિસ્ફોટ ઝોનમાંથી દૂર કરવામાં આવ્યા હતા. ૩૭૦૦ કિલો વિસ્ફોટકોનો ઉપયોગ કરીને ઇમારતને તોડી પાડવામાં આવી હતી. ટ્વીન ટાવર હવે કાટમાળમાં ફેરવાઈ ગયું છે. ટ્વીન ટાવર ધ્વસ્ત થતા જ ધૂળના જબરદસ્ત ગોટેગોટા ઉડ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે લગભગ બે કલાક સુધી હવામાં ધૂળના ગોટેગોટા છવાયેલા રહેશે. ત્યાં આસપાસ લોકોને દૂર કરવામાં આવ્યા છે. હેલ્થ ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને ત્રણ હોસ્પિટલોને પણ એલર્ટ પર રાખવામાં આવી છે.

સવારે ૭ વાગે આસપાસની સોસાયટીમાં રહેતા લગભગ ૭ હજાર લોકોને એક્સપ્લોઝન ઝોનમાંથી દૂર કરવામાં આવ્યા હતા. હવે ટ્વીન ટાવરની નજીક કોઈને પણ જવાની પરવાનગી નથી.અહીં માત્ર ડિમોલિશન ટીમ જ હાજર છે. ટ્વીન ટાવર પાસેના દોઢ કિલોમીટરના સમગ્ર વિસ્તારને ખાલી કરાવ્યા બાદ સીલ કરી દેવામાં આવ્યો છે. ટ્વીન ટાવર પાસેના દરેક રસ્તા પર બેરિકેડિંગ છે. નોઈડા એક્સપ્રેસ વેને બંધ કરી દેવામાં આવ્યો છે અને અહીં માત્ર પોલીસ કર્મચારીઓ જ દેખાય છે..

૨૦૦૪માં નોઈડા ઓથોરિટીએ સુપરટેકને હાઉસિંગ સોસાયટી બનાવવા માટે એક પ્લોટ ફાળવ્યો હતો. બિલ્ડિંગ પ્લાન ૨૦૦૫માં મંજૂર કરવામાં આવ્યો હતો. તેમાં ૧૦ માળના ૧૪ ટાવર બનાવવાની મંજુરી આપવામાં આવી હતી. ૨૦૬માં, સુપરટેકે પ્લાનમાં બદલાવ કરીને ૧૧ માળના ૧૫ ટાવર બનાવ્યા. નવેમ્બર ૨૦૦૯માં પ્લાનમાં ફરીથી બદલીને ૨૪ માળના બે ટાવરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૧૨માં ૨૪ માળ વધારીને ૪૦ કરવામાં આવ્યા હતા. પ્રતિબંધ આવ્યો ત્યાં સુધીમાં તેમાં ૬૩૩ ફ્લેટ બુક થઈ ચૂક્યા હતા.

ટાવરની બાજુમાં આવેલી એમરેલ્ડ ગોલ્ડ સોસાયટીના રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ ઉદયભાનસિંહ તેવતિયા ટ્વિન ટાવરનો મામલો કોર્ટમાં લઈ ગયા હતા. ૨૦૧૨માં તેમણે ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે ૨૦૧૪માં ટ્વીન ટાવરને ગેરકાયદેસર જાહેર કરીને તેને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. કહ્યું કે જેમણે અહીં ફ્લેટ બુક કરાવ્યા છે, તેમના પૈસા ૧૪% વ્યાજ સાથે પરત કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે ઓગસ્ટ ૨૦૨૧માં ટાવરને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો, તે હવે ધ્વસ્ત થયા. સુપરટેક બિલ્ડરે આને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો હતો અને ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ આદેશ આપ્યો હતો કે ટાવરને ત્રણ મહિનામાં એટલે કે નવેમ્બર ૨૦૨૧ના રોજ તોડી પાડવામાં આવે. નોઈડા ઓથોરિટીએ કોર્ટમાં કહ્યું કે આ કામ ૨૨ મે ૨૦૨૨ સુધીમાં પુરુ થઈ જશે. અંતે, તેની તારીખ ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ નક્કી કરવામાં આવી હતી. પિટિશન દાખલ કરનાર તેવતિયાના જણાવ્યા અનુસાર ટાવર તોડવાના ફાયદા ત્રણ મહિના પછી જોવા મળશે.

સિદ્ધપુરના કોંગ્રેસી ધારાસભ્ય ચંદનજી ઠાકોરે મુખ્યમંત્રીને પત્ર લખી ઉત્તર ગુજરાત વિસ્તારને લીલો દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ કરી

પાટણ,

સિદ્ધપુરના કોંગ્રેસના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં ઉત્તર ગુજરાત વિસ્તારને લીલો દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ કરી છે. સરકાર ખેડૂતોના ખેતરોમાં સર્વે કરી વળતર આપે તે પ્રકારની માંગણી પણ તેમના દ્વારા કરવામાં આવી છે. સતત વરસાદ વરસતા મોટા પાકનો નાશ થયો છે તેવું તેમણે પત્રની અંદર જણાવ્યું છે.સરકાર નુકસાનીનો આ કારણે સર્વે કરી લીલો દુષ્કાળ જાહેર કરે તેવી તેમણે પત્રની અંદર માંગ કરી છે.

સર્વે કરી ભારત સરકાર સહાય ચૂકવે તેવી પણ તેમણે માંગ કરી છે. સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, ૧૦૦% વરસાદ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતમાં સતત ત્રણ માસ જેટલો સમય વરસાદ થવાથી ખેડૂતો ખરીફ પાક જેવા કે, કઠોળ, બાજરી, કે અન્ય પાકો સતત વરસાદ વરસવાથી વાવેતર કરી શકેલ નથી અને જે પાકો જેવા કે કપાસ, અને મગફળી જેવા પાકોનું વાવેતર કર્યુંહતું. તે પણ ભારે વરસાદ થવાથી પાકો બળી ગયો છે.

આમ વિવિધ મામલે પત્રની અંદર જણાવી ચંદનજી ઠાકોરે વરસાદના કારણે જે ખેડૂતોના પાકને ભારે નુકશાન થયું છે તેમને વળતર આપવા માટે કહ્યું છે.ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠામાં ભારે વરસાદમાં પાક નિષ્ફળ થયો છે. અગાઉ ૮ જિલ્લાને સહાય સરકારે હજુ સુધી નથી આપી. ત્યારે ઉત્તર ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં ખેડૂતો પણ લાખોના નુકશાન સામે ચિંતિત છે. અગાઉ દક્ષિણ ગુજરાત, ભરુચ, સૌરાષ્ટ્ર સહીતના જિલ્લામાં ખેતી સર્વેની કામગિરી પૂર્ણ કરાઈ રીપોર્ટ પણ સરકારને સોંપાઈ ચૂક્યો છે. ત્યારે આ જિલ્લાઓમાં પણ ખેતીના નુકશાનની સ્થિતિને જોતા સર્વે કરવો જરૂરી છે કેમ કે, થોડા દિવસ પછીય પાણી ખેતરોમાં ઓસરે તેમ નથી.

બિહાર-યુપીમાં હવામાનનો મૂડ બદલાયો, ઉત્તરાખંડમાં વરસાદ પડશે

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, બિહાર અને ઉત્તરાખંડમાં આગામી ચોવીસ કલાક અને આગામી ચાર દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદની શક્યતા છે. તેનાથી લોકોને ગરમીથી તો રાહત મળશે જ, પરંતુ ખેડૂતોને પણ તેનો ફાયદો થશે. આ સિવાય રવિવાર અને સોમવારે હિમાચલ પ્રદેશ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ ભારે વરસાદ પડી શકે છે. આઈએમડી અનુસાર, દરિયાઈ સપાટી પર મોનસૂન ટ્રફ હિમાલયની તળેટીની નજીક ચાલી રહી છે અને ઉત્તર-દક્ષિણ ટ્રફ દક્ષિણ તટીય આંધ્ર પ્રદેશથી નીચલા ટ્રોપોસ્ફિયર સ્તરે તમિલનાડુના કોમોરિન વિસ્તાર સુધી ચાલી રહી છે.હવામાન બુલેટિનમાં જણાવ્યું છે કે બંગાળની ખાડીના મધ્ય ભાગોથી દક્ષિણ તટીય તમિલનાડુ સુધી એક ચાટ દરિયાની સપાટીથી ૩.૧ કિમી ઉપર ફેલાયેલી છે. આ સિસ્ટમના પ્રભાવ હેઠળ આગામી બે દિવસ દરમિયાન નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદ પડી શકે છે. તેમજ આગામી ચાર દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન બિહાર અને દક્ષિણ-પૂર્વ યુપીમાં આગામી ચાર દિવસ સુધી વરસાદની આગાહી કરી છે. આ સાથે પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બિહારમાં આજે પણ વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તરીય આંતરિક કર્ણાટક, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા, તટીય કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં પણ આગામી થોડા દિવસોમાં ભારે વરસાદ પડશે.

રાહુલ પર કટાક્ષ/ગુલામ નબી તો હવે 'આઝાદ' થાય, પરંતુ અમેઠી ઘણા સમય પહેલા 'આઝાદ' થઈ ગયું હતું : સ્મૃતિ ઈરાની

નવીદિલ્હી,

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે ગુલામ નબી હવે 'આઝાદ' થયા છે, પરંતુ અમેઠી ઘણા સમય પહેલા 'આઝાદ' થઈ ચુકી છે. પોતાના સંસદીય મતવિસ્તારના પ્રવાસ પર અહીં આવેલા ઈરાનીએ શનિવારે રાત્રે ગુલામ નબી આઝાદના કોંગ્રેસ છોડવા અને પાર્ટીની 'ભારત જોડો યાત્રા' સંબંધિત પ્રશ્ન પર પત્રકારોને કહ્યું, "કોંગ્રેસનું પોતાનું નેતૃત્વ છે, ખાસ કરીને ગાંધી પરિવાર પર. " ટિપ્પણી કરી રહ્યા છીએ, તેથી આપણે તેમાં કંઈપણ ઉમેરવાની જરૂર નથી.

તેમણે કહ્યું કે ગુલામ નબી હવે આઝાદ છે, પરંતુ અમેઠી ઘણા સમય પહેલા આઝાદ થઈ ચૂક્યું છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના નેતા ઈરાનીએ અમેઠી સંસદીય બેઠક પરથી રાહુલ ગાંધીને હરાવ્યા હતા. અમેઠી ગાંધી પરિવારની પરંપરાગત બેઠક રહી છે અને તેનું પ્રતિનિધિત્વ સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ કર્યું હતું.

ઈરાનીએ કહ્યું કે પહેલાની અમેઠી અને આજની અમેઠીમાં તફાવત એ છે કે પહેલા લોકો અહીંની સત્તાને પોતાની જાગીર માનતા હતા, જ્યારે આજની અમેઠીમાં સત્તાની નહીં પણ સેવાની ભાવના છે અને તે તેના માટે જાણીતી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જે. એસ. મકવાણા
તરફથી અભીનંદન....
મુ. ભંડોઈ,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એસ. યુ. પટેલ
તરફથી અભીનંદન....
મુ. ગાજીપુર,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
આર. કે. ડીંડોર
તરફથી અભીનંદન....
મુ. રજાયતા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

લખનૌના કબીર મઠના મહંતે બાળકી પર દુષ્કર્મ આચર્યું

લખનૌ,

લખનૌના ડાલીગંજ રેલવે ક્રોસિંગ પાસે સ્થિત કબીર મઠના મહંત પર એક યુવતીએ ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો છે. યુવતીનો આરોપ છે કે તે વારાણસીમાં મહંતને મળી હતી. આ પછી નોકરી અપાવવાના બહાને તેને પોતાના મઠમાં બોલાવી દુષ્કર્મ આચર્યું હતું. મદયગંજ પોલીસનું કહેવું છે કે પ્રારંભિક તપાસમાં યુવતીના આરોપો શંકાસ્પદ લાગી રહ્યા છે. દોઢ મહિના બાદ કેસ નોંધવામાં આવ્યો છે.

ઈન્સ્પેક્ટર મદયગંજ આનંદ તિવારીના જણાવ્યા અનુસાર, ૨૦ વર્ષની યુવતી એક વર્ષ પહેલા તેના મામા સાથે વારાણસી ગઈ હતી. ત્યાં તેઓ કબીર મઠના મહંતને મળ્યા. તેણે તેને કોઈ સમસ્યા હોય તો લખનૌમાં તેના મઠમાં આવવા કહ્યું હતું. આ પછી બંને વચ્ચે વારંવાર બોલાચાલી થતી હતી. ૯ જુલાઈએ તે મહંતને મળવા માટે મઠ પહોંચી હતી. અહીં મહંત તેને તેના રૂમમાં લઈ ગયો અને તેની સાથે દુષ્કર્મ કર્યું. જો તેણી પ્રતિકાર કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે દોઢ મહિના પછી કેસ લખવામાં આવ્યો છે. આશ્રમમાં લગાવવામાં આવેલા સીસી કેમેરામાં માત્ર ૨૦ દિવસ સુધી રેકોર્ડિંગ સુરક્ષિત રાખવામાં આવે છે. ૯ જુલાઈના ફૂટેજ મળી શક્યા નથી. સાથે જ યુવતી પણ આ મામલે અનેક સવાલોના સંતોષકારક જવાબો આપી શકી નથી. મામલાની તપાસ કરવામાં આવી રહી છે. મંગળવારે મહંતનું નિવેદન પણ લેવામાં આવશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

બાલાસિનોરમાં મુથૂટ ફિનકોર્પ કંપની સાથે ૧૬.૯૧ લાખની છેતરપિંડી

છ જેટલા લોન ધારકો નકલી દાગીના ગીરવે મુકી નાણા લીધા

બાલાસીનોર,

બાલાસિનોરમાં આવેલી મેસર્સ મુથૂટ ફિનકોર્પ લિમિટેડ કંપનીમાં છ જેટલા લોન ધારકોએ નકલી દાગીના ગીરવે મુકી રૂ.૧૬.૯૧ લાખની લોન લીધી હતી. આ લોન કૌભાંડ સંદર્ભે બાલાસિનોર પોલીસે છ શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બાલાસિનોરની કે.એમ.જી.હોસ્પિટલની સામે લક્ષ્મી ચેમ્બરમાં મેસર્સ મુથૂટ ફિનકોર્પ લિમિટેડ કંપનીની શાખા આવેલી છે. આ કંપનીમાં નયનકુમાર બુધાભાઈ રાણા અગાઉ કસ્ટમર સર્વિસ એક્ઝીક્યુટીવ તરીકે ફરજ બજાવતાં હતાં. હાલ તેઓ ઇન્ચાર્જ બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યાં છે. આ શાખામાં અગાઉ સિનિયર બ્રાન્ચ મેનેજર તરીકે અબ્દુલ મજીદ ગની શેખ (રહે. બાલાસિનોર) ફરજ બજાવતાં હતાં. મુથૂટ ફિનકોર્પ દ્વારા સોનાના દાગીના ઉપર અથવા કોઇ પણ સિક્યુરિટી ઉપર એડવાન્સ પેટે લોન આપવામાં આવે છે અને નોન બેંકીંગ ફાયનાન્સ સેવા પુરી પાડવામાં આવે છે. સોનાના દાગીના પર લોન લેવા આવતા ગ્રાહકો પાસે ઓળખના પુરાવા લીધા બાદ સંતોષકારક જણાય તો દાગીનાનું વજન કરાવવામાં આવે છે. બાદમાં દાગીનાના વજન પ્રમાણે તથા કંપનીના ધારા ધોરણ મુજબ ગ્રાહકોને લોન આપવામાં આવે છે. જોકે, ૧૮મી ડિસેમ્બર,૨૦૨૦થી ૧લી જાન્યુઆરી, ૨૦૨૧ દરમિયાન કેટલાક લોનધારકોએ સોનાના વરખનો ઢાળ વધુ પ્રમાણ ચઢાવી આપ્યાં હતાં. જે ઓડિટ દરમિયાન ખુલ્લુ પડ્યું હતું. સોનાના વરખનો ઢોળ વધુ પ્રમાણ ચઢાવી આપેલો હોવાથી સોનાની સાચી પ્યોરીટી કેટલી હોય તે જાણી શકાયું ન હતું. છ જેટલા ગ્રાહકોએ છેતરપિંડી કરવાના ઈરાદા થી બનાવટી સોનાના દાગીના ઉપર સોનાનો ઢાળ બનાવીને કંપનીને સાચા દાગીના તરીકે રજુ કરીને કંપની પાસેથી કુલ ૧૪ લોન રૂ.૧૬,૯૧,૩૮૫ મેળવી લીધી હતી. આ રકમ આજદીન સુધી ન ભરીને છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ અંગે બાલાસિનોર પોલીસે છ શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કયા-કયા લોન ધારકોએ છેતરપિંડી કરી હતી ?

- જીતેન્દ્રકુમાર ભુપેન્દ્રપ્રસાદ સોની (રહે.ગોરધનપુરીની ખડકી, નાગરીક બેંક પાસે, બાલાસિનોર).
- રાકેશકુમાર ભુપેન્દ્રપ્રસાદ સોની (રહે.ડી/૧૨૭/૧ ગોરધનપુરીની ખડકી, નાગરીક બેંક પાસે, બાલાસિનોર).
- ઈબ્રાહીમ અનવરભાઈ કારીગર (રહે.કાપડ બજાર, કપડવંજ).
- રસીદાબાનુ મહંમદ ઈલીયાસ કારીગર (રહે. વ્હોરવાડ, બાલાસિનોર).
- ખિસ્તી જીતેન્દ્રકુમાર સોની (રહે.ગોરધનપુરીની ખડકી, બાલાસિનોર).
- નજમાબીબી ઈસ્માઈલ કારીગર (રહે. બી/૧૩૬ નાનો વ્હોરવાડ, બાલાસિનોર).

ખાનપુરના દેગમડા કેનાલ પાસે પરિણિતાનો મૃતદેહ મળી આવ્યો

લુણાવાડા,

કાનેસરના નવીનભાઈ કાળુભાઈ પગીની દિકરી અનીશાબેનના લગ્ન દોઢેક વર્ષ પહેલા રણકપુરના અમરાભાઈ માનભાઈ ડામોરના દિકરા નીતેષભાઈ સાથે થયા હતા. અને અનીશાબેનના લુણાવાડા કોલેજ અને પોલીસની તૈયારી કરતી હોવાથી નીતેષ અનીશાને તેમના પિયરમાં મુકી ગયો હતો. પોલીસની દોડની પરીક્ષા પુરી થયા પછી બીજા દિવસે નીતેષ અનીશાને લઈ જવા આવતા અનીશાએ જણાવેલ કે, તેઓ થાકી ગયેલા છે એક દિવસ રોકાઈ જાઓ બીજા દિવસે જઈશુ એમ કહેતા નીતેષે કહ્યુ કે, આવવુ હો તો આજે ચાલ નહિ તો હું લેવા નહિ આવુ તેમ કહી આવેશમાં આવીને લીધા વગર જતો રહ્યો હતો. ત્યારથી અનીશા તેના પિતાના ઘરે જ રહેતી હતી. ત્યારબાદ અનીશાબેન લુણાવાડા કોલેજ જવા નીકળ્યા હતા. કાનેસરના બાબુભાઈ શનાભાઈ પગીએ દેગમડાની સીમમાં કેનાલ નજીક છોકરીનો મૃતદેહ પડ્યો હોવાનુ જણાવ્યુ હતુ. તપાસ કરતા મૃતદેહ અનીશાનો હોવાની ખાતરી થઈ હતી. જેમાં ગળાના ભાગે ઓઢણ વીટાળેલી હતી. અને મોઢાના ભાગે સોજો આવી ગયો હતો. પુત્રી અનીશાનુ મૃત્યુ શંકાસ્પદ લાગતા જમાઈ નિતેષ અમરાભાઈ ડામોર વિરુદ્ધ બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે નિતેષની ધરપકડ કરતા જ ગુનો કબુલ કર્યો હતો. શંકા હોવામથી મર્ડર કર્યુ હોવાનુ કબુલ્યુ હતુ.

આદિવાસી આર્ટસ અને કોમર્સ કોલેજ સંતરામપુરમાં નેક સંદર્ભે મીટીંગનું આયોજન

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, તા.૨૬ ઓગસ્ટ,૨૦૨૨ ના રોજ ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ સંચાલિત આદિવાસી આર્ટસ અને કોમર્સ કોલેજમાં પ્રમુખ વનરાજસિંહ ડામોરના અધ્યક્ષ સ્થાને આચાર્ય ડો.અભય પરમારના માર્ગદર્શન હેઠળ નેક પ્રક્રિયા બાબતે ચર્ચા વિચારણા અને કામગીરી સંદર્ભેની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ દ્વારા નેક કમિટીના કોઓર્ડીનેટર પ્રોફે.દેવરાજ નંદા, કો. કોર્ડીનેટર ડો.કામિની દશોરા તથા નેક કમિટીના તમામ સભ્યો તેમજ કોલેજના સમગ્ર શૈક્ષણિક અને વહીવટી કર્મચારી સાથે આ સંદર્ભે ઊંડાણપૂર્વક ચર્ચા કરી જરૂરી સૂચનો સાથે સત્વરે નેકની કામગીરી પૂર્ણ કરવા તેમજ સારા ગ્રેડ સાથે કોલેજનું ગૌરવ વધારવા માટેની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. કોલેજના નેક કમિટીના તમામ સભ્યો દ્વારા વિદ્યાર્થીઓમાં નેક અંગે જાગૃતિ તેમ જ નેકની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની ભૂમિકા બાબતે ઊંડાણ પૂર્વકની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડો.શંકરભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું તથા આભાર વિધિ ડો.કામિની દશોરા દ્વારા કરવામાં આવી હતી.

મહિસાગર જીલ્લા શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ શિક્ષકના પારિતોષિક માટે ૬ શિક્ષકોની પસંદગી

લુણાવાડા,

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને જીલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવે છે. વર્ષ–૨૦૨૨ મહિસાગર જીલ્લાના ૬ શિક્ષકોને શ્રેષ્ઠ પારિતોષિક માટે પસંદગી કરાઈ છે.

મહિસાગર જીલ્લામાં શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને જીલ્લા અને તાલુકા કક્ષાના પારિતોષિક એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં તાલુકા કક્ષા (પ્રાથમિક વિભાગ) માં સંત શિક્ષણાનુભવ પ્રા.શાળાના શ્રીમતિ વર્ષાબેન મંગળભાઈ પ્રજાપતિ, ધોળી ધોડી વર્ગ (વડઝાંપા) પ્રા.શાળા દિલીપભાઈ વિરાભાઈ પટેલ, બાબલીયા પ્રા.શાળાના નિલેશકુમાર મહેન્દ્રભાઈની પસંદગી કરાઈ છે. જ્યારે જીલ્લાકક્ષા માટે (પ્રાથમિક વિભાગ) નરસીંગપુર મુખ્ય પ્રા.શાળાના શિક્ષક રમેશકુમાર બદામીલાલ ચૌહાણ, જીલ્લાકક્ષા સી.આર.સી. આંજણવા સંતરામપુર રમેશભાઈ નારણભાઈ પટેલ, જીલ્લાકક્ષાએ (માધ્યમિક વિભાગ) કરૂણા નિકેતન હાઈસ્કુલ બાલાસીનોર શિક્ષક વિમલકુમાર બુધાલાલ સુથારની પસંદગી કરવામાં આવી છે.

લુણાવાડા ST બસ સ્ટેશનના પ્રવેશ દ્વાર પર મોટા ખાડા : રસ્તામાંથી બહાર આવેલા સળિયાથી અકસ્માતનો ભય

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા ST મથકના ગેટની એન્ટ્રીમાં ઠેરઠેર ખાડા પડતા બસ ચાલકો સહિત અન્ય વાહન ચાલકો તોબા પોકારી ગયા. આપણી રોજીંદી જિંદગીમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે એસ.ટી બસ ખૂબ ઉપયોગી બને છે અને આ એસ.ટી બસમાં બેસવા માટે મુસાફરો ST બસ સ્ટેશન જતા હોય છે. બસ સ્ટેશન એ એક એવી જગ્યા છે કે, જ્યાંથી હજારોની સંખ્યામાં લોકો રોજ મુસાફરી દરમિયાન અવર જવર કરતા હોય છે. ત્યારે લુણાવાડા એસ.ટી. બસ સ્ટેશન થી અવર જવર કરતા પ્રવેશ દ્વાર પર જ મસમોટા ખાડા અને આરસીસીના બહાર નીકળી આવેલા સળિયા હજારો મુસાફરો માટે જોખમરૂપ બન્યા છે.

મહીસાગર જિલ્લાનું મુખ્ય મથક લુણાવાડા કે જ્યાં બસ સ્ટેશનમાં પ્રવેશ કરતા જ પ્રવેશ દ્વાર પર મસ મોટા ખાડા અને ત્યાં બાનેવલ આરસીસી માંથી બહાર નીકળી આવેલા સળિયા જોખમરૂપ બન્યા છે. અહીંયા થી હજારોની સંખ્યામાં રોજ મુસાફરો બસમાં બેસવા માટે આવે છે. ત્યારે આવા ખાડા વાળા પ્રવેશ દ્વાર થી નીકળતા અકસ્માતનો ડર સતાવી રહ્યો છે. અહીંયાથી પસાર થતી એસ.ટી બસ પણ ડિસ્કો કરતી પસાર થાય છે. કેમ કે, પ્રવેશ દ્વારની વચ્ચોવચ જ આ પ્રકારના ખાડાથી જવાનો બીજો કોઈ વિકલ્પ છે જ નહીં જેથી બસ તેમાં થઈને જ પસાર થતી હોય છે. અત્યારે ચોમાસાની ઋતુ ચાલી રહી છે. તેવામાં વરસાદી પાણી આ ખાડામાં ભરાઈ જતા હોય છે. જેથી સ્પષ્ટ પણે ખાડો કેટલો મોટો છે. તે નક્કી કરી શકાતું નથી અને ઘણીવાર તો પાણી ભરાઈ જતા અહીંયા ખાડો છે, તે પણ ખબર પડતી નથી. જેથી લોકો તેમાં પડે છે. ત્યારે અહીંયા થી પસાર થતા લોકો અને મુસાફરોની માંગ છે કે, વહેલી તકે આ ખાડાઓ પૂર્વમાં આવે અને આરસીસીના બહાર આવી ગયેલા સળિયા પણ ફરીથી રીપેર કરવામાં આવે જેથી કરીને કોઈને અકસ્માત ન સર્જાય.

કોળિયાકના દરિયામાં ભાદરવી અમાસ નિમિત્તે સમુદ્ર સ્નાન કરવા ગયેલા ૩ મિત્રો સહિત ચારનાં ડૂબી જવાથી મૃત્યુ

ભાવનગર,

ભાવનગર જિલ્લાના કોળિયાક ગામે ભાદરવી અમાસ નિમિત્તે મેળો ભરાયો હતો. ભાદરવી અમાસના દિવસે સમુદ્ર સ્નાનનું પણ ખૂબ મહત્વ હોય છે જેથી લોકો દરિયામાં ન્હાવા પડતાં હોય છે, ત્યારે ગઈકાલે મેળા દરમિયાન દરિયામાં ૬ મિત્રો ન્હાવા પડ્યા હતા. જે પૈકી ત્રણ મિત્રોના ડુબી જવાથી મોત થયા છે તેમજ એક અન્ય વ્યક્તિનું પણ મોત થયું હતું.

કોળિયાકમાં ભાદરવી અમાસના દિવસે મેળામાં ૬ સમુદ્ર સ્નાન કરી રહ્યા હતા. ત્યારે ૩ મિત્રો તેમજ અન્ય એક વ્યક્તિ ડૂબી ગયા હતા. દરિયામાં ભરતી શરૂ થયા બાદ સાંજે ૪ વાગ્યે ભાવનગરના ભરતનગર અને ઘોઘારોડ લીંબડીયું વિસ્તારના ૬ મિત્રો ભાદરવી સ્નાન માટે ન્હાવા પડ્યા હતા. જોકે, દરિયામાં ભારે કરંટના કારણે ત્રણ યુવકો ડૂબવા લાગ્યા હતા. જેથી તેઓના મોત થયા હતા. તેમજ સવારે અન્ય એક વ્યક્તિનું પણ મોત થતા કુલ ચાર લોકોના મોત થયા છે.

તરવૈયાઓ અને મરીન પોલીસ દ્વારા ભારે શોધખોળ બાદ બે યુવાન ધ્રુવરાજ જાડેજા અને હર્ષ સમડિયાના મૃતદેહ મળી આવ્યાં હતા, આમ ભાદરવી અમાસના મેળામાં સમુદ્ર સ્નાન માટે આવેલા આધેડ સહિત કુલ ચાર લોકોના મોત નીપજ્યા છે. આણંદ થી નિષ્કલંક મહાદેવના દર્શને આવેલા તખુભા ભીખુભા સરવૈયા ઉ.વ ૫૫ નું ડૂબી જતા મોત નિપજ્યું હતું.

પાટીદાર અનામત આંદોલન સમિતિએ ચૂંટણી લડવાને લઈને જાહેરાત કરી

મહેસાણા,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે. ચૂંટણીની તૈયારીઓને લઈને દરેક રાજકીય પાર્ટીઓએ પ્રચાર પ્રસારનું કાઉન્ટડાઉન શરૂ કરી દીધું છે. જો કે હવે રાજકીય પાર્ટી ઉપરાંત વિવિધ સંગઠનોએ પણ આ ચૂંટણીને લઈને તૈયારી શરૂ કરી દીધી છે. પાટીદાર અનામત આંદોલન સમિતિની નેતા દિનેશ બાંભણીયાએ હવે ચૂંટણી લડવાને લઈને જાહેરાત કરતા રાજકારણ ગરમાયું છે. તેમણે એક ટ્વીટ કર્યું છે જેમાં લખ્યું છે કે, ૨૦૨૨ની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનના ૨૩ નેતાઓ ઉમેદવારી કરશે. પાટીદાર આગેવાનોની ચૂંટણી લડવાની સંખ્યા વધવાના પણ સંકેત આપ્યા છે. પાટીદાર નેતાની જાહેરાત બાદ સમગ્ર રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. જો તે તેમણે કોઈ ઉમેદવારના નામ જાહેર કર્યા નથી. ઉલ્લેખનીય છે કે પાસ દ્વારા આજે ૨૮ ઓગસ્ટે તિરંગા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું દિનેશ બાંભણીયાએ મોટી જાહેરાત ટ્વિટરના માધ્યમથી ટ્વીટરમાં કહ્યું છે કે, પાસના ૨૩ ઉમેદવારો વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે. ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનના ૨૩ આગેવાનો ઉમેદવારી કરશે સંખ્યા વધી પણ શકે છે. આ ટ્વિટ ત્યારે કરવામાં આવ્યું હતું, જ્યારે આજે પાટીદારોની શક્તિ પ્રદર્શન રુપે રેલી યોજવામાં આવી હતી. આ યાત્રામાં મહેસ સવાણી, અલ્પેશ કથિરીયા, કુમાર કાનાણી સહીતના નેતાઓ શક્તિ પ્રદર્શનમાં જોડાયા હતા. આ યાત્રા ક્રાંતિ ચોકથી માનગઢ ચોક સુધી યોજવામાં આવી હતી.સુરતમાં મોટી સંખ્યામાં રેલીમાં તિરંગા સાથે પાટીદારો રસ્તા પર જોવા મળ્યા હતા. તિરંગા રુપે શક્તિ પ્રદર્શન પાસ સમિતી દ્વારા ચૂંટણી પહેલા કર્યું હતું. ૭ વર્ષ અનામત આંદોલનને પૂર્ણ થયા છે ત્યારે આ રેલી યોજાઈ હતી.૨૩ નેતાઓ ઉમેદવારી નોંધાવશે તેમાં કોઈના નામ હજૂ સુધી જાહેરા નથી થયા. દિનેશ બાંભણીયા એમ પણ કહ્યું છે કે, પાટીદારોની સંખ્યા પણ વધી શકે છે. ખાસ કરીને વિધાનસભાની ચૂંટણીમાં પાટીદારોનો પ્રભૂત્વ ૭૦ જેટલી સીટો પર છે ત્યારે પાટીદારોની ઘણી સીટો પણ છે ત્યારે ચૂંટણી પહેલા પાસ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યભરનાં બસ સ્ટેન્ડો ઉપર મુસાફરોનાં ખીસ્સા હળવી કરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

વેરાવળ,

રાજ્યભરના બસ સ્ટેન્ડોમાં ભીડનો ફાયદો ઉઠાવી મુસાફરોના ખિસ્સા હળવા કરી મોબાઈલ, રોકડ રકમની ચોરી કરતી બે દંપતીની આંતરરાજ્ય ગેંગને વેરાવળ પોલીસે રૂા.૧.૧૪ લાખની રોકડ સહિત સાડા સાત લાખના મુદામાલ સાથે ઝડપી લીધા છે. આંતરરાજ્ય ગેંગને પકડી મોટી સંખ્યામાં ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યા અંગે માહિતી આપતા ડીવાયએસપી બાંભણીયાએ જણાવેલ કે, પાંચેક દિવસ પૂર્વે વેરાવળ બસ સ્ટેશનમાંથી બહારગામ જવા બસમાં બેસવા જઈ રહેલ તે સમયે ભીડમાંથી કોઈ અજાણ્યા શખ્સે નિકિતાબેનના થેલામાં રહેલ પર્સ જેમાં રોકડ રૂા.૫ હજાર તથા એપલ આઈફોન ૭ પ્લસ સીલ્વર પીંક કલરનો મોબાઈલ ફોન તેમજ અન્ય એક મુસાફર ઉષાબેન પ્રફુલભાઈ કાનાબારના પર્સમાંથી રોકડા રૂા.૧૧ હજાર મળી કુલ રૂા.૨૬ હજારનો મુદામાલ નજર ચુકવી સેરવી લઈ ચોરી કરી લઈ ગયા હતા.

જે અંગે તેઓએ ઈ એફઆઈઆર થી ફરીયાદ નોંધાવી હતી. જેથી વેરાવળ સીટી પીઆઈ એસ.એમ.ઈશરાણી તથા સર્વેલન્સના પી.એસ.આઈ. એચ.બી.મુસારના નેતૃત્વમાં જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેમાં બસ સ્ટેશન અને શહેરમાં લાગેલ નેત્રમના સીસીટીવી ફુટેજોની ઝીણવટભરી રીતે તપાસતા તેમાં આશરે ત્રીસેક વર્ષની બે મહીલા અને બે પુરૂષો ગ્રે કલરની ફોર વ્હીલ કાર વીટારા બ્રેજા રજી.નં. જીજે - ૦૭- ડીડી - ૧૦૫૩ માંથી ઉતરી વેરાવળ બસ સ્ટેશનમાં જઈ શંકાસ્પદ હીલચાલ કરતી જણાતા હતા. જેના આધારે શંકમદોને પકડવા માટે પોલીસ ટીમો કામે લાગેલ હતી.

દરમ્યાન બાતમી મળેલ કે સીસીટીવીમાં જોવા મળેલ શંકાસ્પદ કાર ગઈકાલે શહેરમાં આવી રહી છે. જેના આધારે શહેરમાં પ્રવેશતા બજાજના શોરૂમ પાસે પોલીસ ટીમએ વોચ ગોઠવીને શંકાસ્પદ બ્રિજા કાર સાથે બંન્ને શંકમદ મહિલાઓ સાથે તેમના પતિઓ મળીને ચારેયને ઝડપી લીધા હતા. તેઓની તલાસી લેતા ચોરી કરેલ આઈફોન મોબાઈલ, રોકડા રૂા.૧૬ હજાર, અન્ય મોબાઈલ નંગ-૫, એટીએમ નંગ-૩, આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આરસી બુક તથા ચોરી કરવામાં ઉપયોગ કરેલ બ્રેજા કાર નં. જી જે ૦૭ ડીડી ૧૦૫૩ મળી કુલ રૂા.૭,૩૪,૩૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

પોલીસે પકડેલા સંજય ઉર્ફે સંજુ મોતીસિંગ બેરાવત લબાના ઠાકોર ઉ.વ.૩૧, તથા તેની પત્ની ગીતાબેન સંજય બેરાવત ઉ.વ.૩૦, બંન્ને રહે. કતવારા ગામ, તા.જી.દાહોદ નરેશભાઈ હુમજીભાઈ ભાભોર ઉ.વ.૨૯ તથા તેની પત્ની રેખાબેન નરેશભાઈ ભાભોર ઉ.વ.૩૦ રહે. મોટી ખરજ તા.જી.દાહોદ વાળની આગવીઢબે પુછપરછ હાથ ધરી હતી. જેમાં આરોપીઓ રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, આણંદ, બરોડા, નડીયાદ, દાહોદ તથા વેરાવળ શહેરોના બસ સ્ટેશનોમાં તહેવારે તથા મેળાના દિવસો દરમ્યાન સર્જાતી ભીડ ભાડના દિવસોમાં મુસાફરોની નજર ચુકવી તેઓના ખિસ્સામાંથી રોકડ રકમ અને મોબાઈલો ચોરી કરતા હતા.

આપની આજ.....

મેષ : આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

વૃષભ : આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન : આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

સિંહ : તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો. આજે કોઈ નવું કાર્ય ના કરવાનું ધ્યાનમાં રાખો.

કન્યા : તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી. તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે.

તુલા : આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે. નિરાશ ના થાઓ, ધૈર્ય રાખો અને તમારી જાત પર વિશ્વાસ કરો પછી તમે જોશો કે કેટલી સરળતાથી જવાબદારી નિભાવો છો.

ધનુ : આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર વરિષ્ઠ લોકોનો અભિપ્રાય લો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર : લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે.

કુંભ : કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં અને પાછળ ના હટશો.

મીન : આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા બધા કાર્ય દિલથી કરો, પછી જુઓ કે તમે આ મહત્વપૂર્ણ કાર્યને સરળતાથી કેવી રીતે પૂર્ણ કરી શકો.

આવનારી પેઢીઓની ચિંતા હોય તો સામર્થ્ય જાતે જ આવી જાય છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમના ૯૨મા એપિસોડ દ્વારા દેશની જનતાને સંબોધન કર્યું હતુ. જળ સંરક્ષણ પર બોલતા મોદીએ કહ્યું કે આવનારી પેઢીઓની ચિંતા હોય તો સામર્થ્ય જાતે જ આવી જાય છે. તેના ઘણા ઉદાહરણો આપણા દેશમાં જ છે. 'મન કી બાત'માં પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યુ હતુ કે ઓગસ્ટમાં મારી ઓફિસ તિરંગામય થઈ ગઈ છે.

નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ઓગસ્ટ મહિનામાં તમારા બધાના પત્રો અને સંદેશાઓએ મારી ઓફિસને તિરંગામય બનાવી દીધી છે. અમૃત મહોત્સવ અને સ્વતંત્રતા દિવસના આ ખાસ અવસર પર આપણે દેશની સામૂહિક શક્તિના દર્શન કર્યા છે.

વડાપ્રધાને કહ્યું કે તાજેતરમાં મને માહિતી અને પ્રસારણ મંત્રાલયના એક કાર્યક્રમ સ્વરાજમાં હાજરી આપવાની તક મળી. આ કાર્યક્રમમાં આઝાદીમાં ભાગ લેનાર ન સાંભળેલા નાયકો અને નાયિકાઓની વાર્તા કહેવામાં આવી છે. હું આપ સૌને આ કાર્યક્રમ અવશ્ય જોવાની અપીલ કરું છું.

મોદીએ વધુમાં કહ્યું- ૪ મહિના પહેલા મન કી બાત કાર્યક્રમમાં મેં અમૃત સરોવર બનાવવાની વાત કરી હતી. આ પછી જિલ્લા વહીવટીતંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓ એકત્ર થઈ ગઈ. સ્થાનિક લોકોની વધતી ભાગીદારી સાથે, તે હવે એક જન આંદોલન બની ગયું છે.

પીએમ મોદીએ કહ્યું કે આઝાદીના આ મહિનામાં આપણા આખા દેશમાં, દરેક શહેરમાં, દરેક ગામમાં અમૃત મહોત્સવની અમૃત ધારા વહી રહી છે. અમૃત મહોત્સવ અને સ્વતંત્રતા દિવસના આ ખાસ અવસર પર આપણે દેશની સામૂહિક શક્તિના દર્શન કર્યા. મોદીએ વધુમાં કહ્યું હતુ કે આટલો મોટો દેશ, આટલી વિવિધતાઓ, પરંતુ જ્યારે તિરંગો ફરકાવવાની વાત થઈ ત્યારે બધા જ સાથે મળીને એક થયા હોય તેવું લાગ્યું. તિરંગાના ગૌરવના પ્રથમ રક્ષક બનીને લોકો પોતે આગળ આવ્યા.

તિરંગા ઝુંબેશ માટે લોકો અલગ-અલગ પ્રગતિશીલ વિચારો લઈને આવ્યા. કર્ણાટકના કોલારમાં લોકોએ ૬૩૦ ફૂટ લાંબો અને ૨૦૫ ફૂટ પહોળો તિરંગા સાથે અનોખો નજારો રજૂ કર્યો હતો. આસામમાં દિઘાલીપુખુરી યુદ્ધ સ્મારક પર તિરંગો ફરકાવવા માટે સરકારી કર્મચારીઓએ પોતાના હાથથી ૨૦ ફૂટનો ત્રિરંગો બનાવ્યો હતો. છેલ્લી મન કી બાત કાર્યક્રમમાં આઝાદીનું મહત્વ સમજાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણી પાસે અદ્ભુત અને ઐતિહાસિક ક્ષણો સાક્ષી બનવા જઈ રહી છે. ભગવાને આપણને મોટું સૌભાગ્ય આપ્યું છે. જો આપણે ગુલામીના યુગમાં જન્મ્યા હોય, તો આપણે આ દિવસની કલ્પના કેવી હોત? ગુલામીમાંથી આઝાદીની એ ઝંખના, ગુલામીના બંધનોમાંથી મુક્તિની એ બેચેની - કેટલી મોટી હશે. તેમણે કહ્યું કે જ્યારે અમે રોજ સવારે આ સપનું લઈને જાગી રહ્યા હતા કે ક્યારે મારું ભારત આઝાદ થશે અને કદાચ આપણા જીવનમાં તે દિવસ આવે કે જ્યારે આપણે વંદે માતરમ અને ભારત મા કી જયનો નારા લગાવતા આપણું જીવન, યુવાની, આવનારી પેઢીઓને સમર્પિત કરી દેત.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત મન કી બાત કાર્યક્રમમાં ઈમરજન્સીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તે દરમિયાન દેશના નાગરિકો જીવવાના અધિકાર સહિત તમામ અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ઈમરજન્સીના તે સમયના તાનાશાહી જેવું બીજું ઉદાહરણ દુનિયામાં મળવું મુશ્કેલ છે.ઈમરજન્સીના સમયને યાદ કરતા પીએમ મોદીએ કહ્યું કે તે દરમિયાન ભારતના લોકતંત્રને કચડી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દેશની અદાલતો, દરેક બંધારણીય સંસ્થા, પ્રેસ, બધા પર નિયંત્રણ લગાવવામાં આવ્યું હતું. સેન્સરશીપની એવી સ્થિતિ હતી કે મંજૂરી વિના કશું જ છાપી શકાતું નથી. મને યાદ છે, ત્યારે પ્રખ્યાત ગાયક કિશોર કુમારે સરકારને બિરદાવવાનો ઈનકાર કર્યો હતો અને તેમના પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો. રેડિયો પરની તેમની એન્ટ્રી કાઢી ન

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદના વડબારા પ્રા.શાળામાં ધનુર કેમ્પ ધનુર ઈન્જેકશન મુકતા ૧૧ વર્ષીય બાળકીનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના વડબારા પ્રાથમીક શાળામાં ધનુર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક ૧૧ વર્ષીય વિદ્યાર્થીનીને ધનુરનું ઈન્જેકશન મુકતા ૧૧ વર્ષની બાળકીનું મોત નીપજતાં મૃત બાળકીના પરિવારજનો તેમજ ગ્રામજનોએ આરોગ વિભાગ પર તેમજ સ્કૂલ પ્રસાશન પર આક્ષેપો કરવામાં આવ્યાં હતાં.

દાહોદ તાલૂકાના વડબારા ગામમાં બબેરીયા ફળિયામાં વડવારા પ્રાથમિક શાળામાંમાં ધોરણ ૫ માં ભણતી અને૧૧ વર્ષીય વિદ્યાર્થીની તારીખ ૩.૮.૨૦૨૨ના રોજ શાળામાં ભણવા ગઈ હતી તે દિવસે આરોગ્ય વિભાગ દ્વારા ધનુર કેમ્પ રાખવામાં આવ્યું હતું. જે કેમ્પ ધનુરનો હોય જેના શાળામાં ભણતા તમામ બાળકોને ધનુરનો ઈન્જેકશન રાખવાનો કેમ્પ યોજવવામાં આવ્યું હતું. ઈન્જેકસન મુકવાની જાણ બાળકોને થતાજ શાળામાં ભણતા કેટલાય બાળકો શાળા છોડી ભાગી ગયા હતા અને જેટલા બાળકો હાથમાં આવ્યાએ લોકોને જબરજસ્તી ઈન્જેકસન મુકવામાં આવ્યા હતા હોવાના આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યાં હતાં અને હાલ સુધી ડરના કારણે બાળકો શાળામાં હાલમાં આવતા નથી. જેમાં ધોરણ પાંચના છોકરા-છોકરીઓને ધનુરના ઈન્જેકશન મુકવામાં આવ્યા હતા. જેમાંથી ૬ જેટલા બાળકોની ધનુરના ઈન્જેકશન મુકતા બાળકોની તબિયત લઠડી હતી. કેટલાય બાળકોને ગામના આસપાસના હોસ્પિટલમાં સારવાર માટે પરિવાર દ્વારા બાળકોને લઈ જવાની ફરજ પડી હતી. એમાંથી એક બાળકીની તબિયત વધુ ગંભીર થતા બાળકી જેનું નામ પ્રિયકા સોબન ભાઈ નિનામા જે વડબારા ગામના પંચાયત ફળિયામાં રહે છે. જેની તબિયત વધુ ખરાબ થતા દાહોદના ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. ખાનગી દવાખાનામાં સારવાર કરી બીજા અન્ય હોસ્પિટલમાં બાળકીને સારવાર કરવા મોકલી આપી હતી ત્યારે તા. ૬.૮.૨૦૨૨ ના રોજ સાંજના સમયે બાળકીનુ મોત નીપજતા પરિવારમાં શોકનુ માતમ ફરી વળ્યું હતું. બાળકીનુ મોત થતા પરિવાર દ્વારા બાળકીને સમાજની રીતિ રિવાજ મુંજબ બાળકીની અંતિમ ક્રિયા કરી દેવામાં આવી હતી. જ્યારે પરિવારને બાળકીના મોતનો આઘાત લાગતા બાળકીનું મોત શાળામાં રાખવામાં આવેલ ધનુરના કેમ્પમાં ધનુરનો ઈન્જેકશન મુકવાથી થયું હોવાના શાળા પ્રશાસન અને આરોગ્ય તંત્ર ઉપર આક્ષેપો કરવામાં આવ્યાં હતાં અને સરકાર સમક્ષ પોતાને ન્યાય મળી રહે તેવી પરિવારજનોએ આશા વ્યક્ત કરી રહ્યાં છે.

સંજેલી ખાતે શ્રાવણના છેલ્લા દિવસે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું

સંજેલી,

સંજેલી ખાતે શ્રાવણના છેલ્લા દિવસે ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાવડીયાત્રામાં કાવડીયો દ્વારા ભમરેચી માતાના મંદિરેથી જળ ભરી અને સંજેલી ખાતે પગપાળા કાવડ સાથે નગરમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. કાવડીયો દ્વારા ડીજે માં ભજન ભક્તિ સાથે પગપાળા યાત્રા ભમરેચી માતાના મંદિરેથી સંજેલી ખાતે ભીમનાથ મહાદેવ મંદિરે જળ અભિષેક માટે કાવડીયો દ્વારા કાવડો લાવવામાં આવી હતી. આ કાવડીયાત્રામાં સર્વે ધર્મ પ્રેમી ભક્તો દ્વારા નાના બાળકોથી લઈને મોટા વડીલો સહિત બહેનો દ્વારા પણ કાવડીયાત્રામાં સહભાગી બન્યા હતા. ત્યારે ભમરેચી માતાના મંદિરેથી જળ ભરી અને લાવેલા

તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

કાવડીયો દ્વારા સંજેલી નગરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. મહાકાલ ગ્રુપ સહિત સંજેલી નગર દ્વારા કાવડીયાત્રામાં વિવિધ સેવાકીય કાર્યો પણ કરવામાં આવ્યા હતા. સંજેલી નગરની વિવિધ ગલીઓમાં ફરી અને બમ ભોલે. બોલ બમ બમ બમ. હર હર મહાદેવના નાદ થી સંજેલી નગર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયું હતું સર્વે લોકો દ્વારા સંજેલી નગરમાં ઉજ્જૈન ખાતેથી આવેલા ખાસ મહાકાલ ધ્વજ ગ્રુપ કાવડીયાત્રામાં વિશેષ આકર્ષણ જ મળ્યું હતું. ડમરૂ મંજીરા સહિતના વાજિંત્રો સાથે ઉજજૈન થી આવેલા ગ્રુપ દ્વારા વિવિધ રીતે વાજિંત્રો વગાડી અને કાવડ યાત્રાની રેલીમાં જોડાયા હતા. અંતે ભીમનાથ મહાદેવ મંદિર ખાતે કાવડ યાત્રા ની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સર્વે કાવડીયો દ્વારા ભીમનાથ મહાદેવ મંદિર ખાતેના મહાન દ્વારા પૂજા સાથે કાવડીયો દ્વારા જળ અભિષેક કરવામાં આવ્યો હતો.

શોભાયાત્રામાં જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા જિલ્લા મંત્રી રૂચિતા રાજ, મહાકાલ ગ્રુપના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

ધાનપુર તાલુકાના કંજેટા રેન્જના વન અધિકારીઓ દ્વારા નાના બાળકો સાથે બાળ મજુરી કરાવતાં વન અધિકારીઓની ઘટના સામે આવી

દાહોદ,

ધાનપુર તાલુકાના કંજેટા રેન્જમાં આવતાં ડભવા ગામના જંગલમાં વૃક્ષો રોપણ તેમજ વૃક્ષોને લગતી કામગીરી ખાતર સહિતની અન્ય નાના બાળકો સાથે કરાવતાં હોય છે. ત્યારે વૃક્ષો રોપાણની કામગીરી નાના બાળકો સાથે કેમ કરાવવામાં આવે છે.? આ બાળકોને તો હાલ અભ્યાસ કરવાનો સમય છે. તેમની જીદંગી બગાડનાર વન અધિકારીઓ કે પછી અન્ય કોઈ દબાણના કારણે બાળ મજુરી કરવી પડે છે. આ નાના બાળકોની એવી તો કેવી મજબુરી છે. તેઓને આવી બાળ મજુરી કરવા મજબુર બન્યાં

છે. આ બાળ મજુરી પાછળ શું કારણ તેની તંત્ર દ્વારા તપાસ કરવામાં આવશે કે કેમ ? અને વન્યપ્રાણીઓ દ્વારા અવાર નવાર દેવગઢબારિયા, સાગટાળા, ધાનપુર જેવાં અનેક તાલુકાઓમાં વન્યપ્રાણી દ્વારા હુમલાઓ કરવામાં આવ્યાં છે. કેટલાક લોકોને ઈજાઓ પહોંચી હતી. તો કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. જેને જોતાં આવા નાના બાળકોની જીવના જવાબદાર કોણ ? આવા જંગલમાં નાના બાળકો સાથે બાળ મજુરી કરાવનારા હાજર વન અધિકારીઓને આવા નાના બાળકો ઉપર ભાવના કેમ નહિ ? જો વન અધિકારીઓના કારણે મજબુર બનવા પડતું હોય તો આવા અધિકારીઓ સામે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ ? તે જોઉ રહ્યું આ જોતા લોકોમાં પણ ચર્ચાઓએ વેગ પકડ્યો છે.

સંજેલી મિલવાળી ચાલીથી બસસ્ટેશન તરફ જવાનો માર્ગ બીમાર અવસ્થામાં

સંજેલી,

સંજેલી ખાતે આવેલ મિલવાળી ચાલી રોડથી બસસ્ટેશન તરફ જવાનો માર્ગ પર સેંકડો નાના મોટા ખાડાઓના કારણે વાહન ચાલકો અવર જવર કરતા માથાનો દુખાવો સમાન બનવા પામ્યું છે. બસસ્ટેશન તરફ જવાના માર્ગ પર ખાડાઓમાં વરસાદી પાણીના સંગ્રહના કારણે ગંદકી ઉતપન્ન થવા પામી છે. જેને લઈ મચ્છરોનો ઉપદ્રવ વધી જવાના કારણે સ્થાનિક રહીશોએ ભારે રોષની લાગણી વ્યાપી જવા પામી છે. આ માર્ગ પરથી બસોની પણ અવર જવર થવાના કારણે વાહન ચાલકો સહિત રાહદારીઓને ભારે મુશ્કેલી વેઠવાનો વારો પડ્યો છે. સ્થાનિક રહીશો તેમજ વાહન ચાલકોની તીવ્ર માંગ છે. રસ્તાની મરામત કરવામાં આવે અને ગંદકી દૂર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી.

ભુતવડપ્રાથમિક શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડાને ટીચિંગ એક્સિલેન્સ એવોર્ડ એનાયત થશે

ગરબાડા,

ફોર્થે સ્ક્રીન એજ્યુકેશન દ્વારા દર વર્ષે ટીચિંગ એક્સેલન્સ એવોર્ડનું આયોજન કરવામાં આવે છે. પંડિત ધર્મ પ્રકાશ શર્મા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ પુષ્કર રાજસ્થાન ના સહયોગથી ફોર્થ સ્ક્રીન એજ્યુકેશન ના નેજા હેઠળ ૨૦૨૨ ની સીઝન માટે ટીચિંગ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૨ નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ રાજ્યમાંથી ૪૫૦ થી વધુ નોમિનેશન આવ્યા હતા. શ્રેષ્ઠ કાર્યોના આધારે શોર્ટ લિસ્ટ કરાયેલા ૧૧૦ ઉમેદવારો વચ્ચે ઓનલાઈન વોટીંગ કરાવવામાં આવ્યું હતું. ઓનલાઈન વોટિંગ દ્વારા સૌથી વધુ મત મેળવનાર ૨૧ શિક્ષકોની વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી છે. ઉપરાંત જયુરી સભ્યો દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ૧૬ શિક્ષકો ની ટીચિંગ એક્સેલેન્સ એવોર્ડના વિજેતા તરીકે પણ પસંદગી કરવામાં આવી છે. ટીચિંગ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૨

માટે કુલ ૩૭ વિજેતાઓની પસંદગી કરવામાં આવી છે.

આ એવોર્ડ માટે વજેલાવ ભુતવડ પ્રાથમિક શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડાને ટ્રોફી મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવશે. ચાવડાને આ અગાઉ અગિયારમી મે ૨૦૨૨ ના રોજ પરમ પૂજ્ય મોરારીબાપુ ના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ એનાયત થયેલ હતો તથા આઈ આઈ યુ દ્વારા બેસ્ટ ગ્લોબલ પ્રિન્સિપાલ એવોર્ડ ૨૦૨૨ આપવામાં આવશે આ અગાઉ તેમને તાલુકા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મળી ચૂકેલ છે.

લીમખેડાના કથોલીયા પ્રા.શાળા માંથી ૪૧ હજારની મત્તાની ચોરી

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કથોલીયા ગામે એક શાળામાં તસ્કરોએ હાથફેરો કરી શાળામાંથી એક લેપટોપ, એલ.ઈ.ડી. ટી.વી., પંખા, તેલનો ડબ્બો, દાળનો કટ્ટો વિગેરે મળી કુલ રૂા. ૪૧,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૫મી ઓગષ્ટના રોજ કથોલીયા ગામે રોઝ ફળિયામાં રહેતાં હાર્દિકભાઈ પ્રવિણભાઈ પંચાલની ગામમાં આવેલ શાળામાં રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ પોતાનો કસબ અજમાવી શાળાના મકાનના રૂમનો દરવાજાનું તાળુ તોડી શાળામાં પ્રવેશ કર્યો હતો અને શાળામાંથી એક લેપટોપ, એલ.ઈ.ડી. ટી.વી. પંખા નંગ.૨, એક તેલનો ડબ્બો, એક દાળનો કટ્ટો વિગેરે મળી કુલ રૂા. ૪૧,૦૦૦નો મુદ્દામાલ ચોરી કરી લઈ તસ્કરો નાસી જતાં આ સંબંધે હાર્દિકભાઈ પ્રવિણભાઈ પંચાલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દે.બારીયા નગર પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરા કલેકશન કરતી મહિલા કર્મીઓનું ૩ માસ થી પગાર આપવામાં આવ્યો નથી ???

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં છેલ્લા પાંચ- સાત દિવસ થી ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરવામાં આવતું જેનું મુખ્ય કારણ છે કે, ડોર ટુ ડોર માટે જે એજન્સીએ છેલ્લા જુન માસ થી મહિલા મંડળના મહિલા કર્મીઓને પગાર ન આપતા જેથી ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરતા કર્મીઓ આવતા નથી. તેવું સુત્રોના દ્વારા જાણવા મળ્યું છે. આજે રવિવારે પણ ગેરહાજર જણાઈ હતી. તેના માટે કોન્ટ્રાક્ટર જવાબદાર ગણી શકાય આ તેની તપાસ કોન કરશે. લાગતા વળગતા પદના અધિકારીઓ માટે તપાસનો વિષય છે. ત્રણ-ત્રણ માસ બાદ પણ આ ગરીબ, ત્યકતા, વિધવા મહિલા મંડળની કર્મીઓને તેમનો પગારના મળતો હોય તો તેઓનું ઘર નિર્વાહ કેમ ચલાવવું તે મોટો સવાલ ઉપસ્થિત થયો છે. આ એજન્સીને કેમ બ્લેક લીસ્ટમાં કેમ ન મુકી અને નોટીસ કેમ બચાવી નથી. તે મોટો યક્ષ પ્રશ્ન છે.

ફતેપુરા તાલુકાના આસપુરમાં મન કી બાત કાર્યક્રમ દંડક રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોજાયો

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના આસપુર ગામે કાર્યકર્તા કલ્યાણસિહ ચાંદાના ઘરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મન કી બાત કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત વિધાનસભાના દંડક અને ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમ સાંભળ્યા બાદ દંડક રમેશભાઈ કટારા એ સરકારની યોજનાઓ વિશે માહિતી આપી હતી. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ગરબાડાના ગુલઝાર ગામે ૩૫ વર્ષીય મહિલાએ અગમ્ય કારણે ઝાડ સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગુલબાર ગામે એક ૩૫ વર્ષીય એક મહિલાએ અગમ્યકારણોસર ગામમાં આવેલ એક ઝાડ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૨૬મી ઓગષ્ટના રોજ ગરબાડા તાલુકાના ગુલબાર ગામે હઠીલા ફળિયામાં રહેતાં ૩૫ વર્ષીય મેતાબેન દિવાનભાઈ ઉર્ફે દિયાલભાઈ હઠીલાએ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ પરિવારજનો અને ગ્રામજનોને થતાં સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ મૃતક મહિલાના મૃતદેહને નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ગુલબાર ગામે હઠીલા ફળિયામાં રહેતાં ટીનાબેન દીવાનભાઈ હઠીલાએ ગરબાડા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ અર્બન હોસ્પિટલના તબીબ ઈન્દોર જવા નીકળ્યા બાદ કાર અને મોબાઈલ કુટવાણી ગામ પાસેથી મળી આવ્યો : તબીબની તપાસ ચાલુ

દાહોદ,

દાહોદની અર્બન હોસ્પિટલના તબીબ ૨૫મીના રોજ સવારે ઈન્દોર જવા નીકળ્યા હતા. પરંતુ ત્યાં પહોંચ્યા ન હતા. જયારે તેમની કાર તથા મોબાઈલ મધ્યપ્રદેશના કુટવાણી ગામની નદી પાસેથી મળી આવ્યા હતા. આ બાબતની જાણ મધ્યપ્રદેશની પોલીસને થતાં તપાસ હાથ ધરી હતી. ઘટનાને મામલે ઈન્દોર, બડવાહ અને દાહોદ પોલીસ તપાસમાં જોતરાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદની અર્બન હોસ્પિટલમાં ફીઝીશીયન તરીકે ફરજ બજાવતા તબીબ અમીતકુમાર વિજયશંકર શુકલા તા.૨૫ ઓગસ્ટના રોજ સવારે પોતાની કાર જીજે-૨૦-એ-૩૩૬૭ લઈને ઈન્દોર જવા નીકળ્યા હતા. પરંતુ કોઈ કારણોસર ઈન્દોર પહોંચ્યા ન હતા. ત્યારે તેમની કાર તથા મોબાઈલ સહિતનો સામાન મધ્યપ્રદેશના કુટવાણી ગામની નદી પાસેથી મળી આવ્યો હતો. જેની જાણ મધ્યપ્રદેશની પોલીસને થતાં ઈન્દોર અને બડવાહ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. તપાસ કરતા કાર દાહોદના ડોકટર અમીતકુમાર શુકલાની હોવાનુ જાણવા મળ્યુ હતુ. તપાસ બાદ એડિશનલ ડી.સી.પી.પ્રશાંત ચૌબેએ જણાવ્યુ હતુ કે, ડો.અમીત શુકલા અન્નાપુર્ણા વિસ્તારના અહિલ્યા નગરમાં રહેતી માતાની તબિયત જોવા આવી રહ્યા હતા. ત્યારે તેમના રૂટને ટ્રેક કરતા ૧૧.૩૦ વાગ્યે આઈ.આઈ.એમ.ટોલબુથ પરથી પસાર થયા હતા. અને ત્યાંના સીસીટીવી ફુટેજ મધ્યપ્રદેશ પોલીસે મેળવી વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે આ બાબતની જાણ ડો.અમીતકુમાર વિજયશંકર શુકલાના પરિવારને થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ ઘટના બાબતે દાહોદના ગોવિંદનગરમાં રહેતા નિલેશકુમાર નવીનચંદ્ર ભટ્ટે દાહોદના બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી પી.આઈ.કે.ડી.ડિંડોરે તેમના સ્ટાફને મધ્યપ્રદેશ ખાતે ઘટના સ્થળે તપાસ અર્થે મોકલ્યા હતા.

દે.બારીઆમાં વરસાદી પાણીના ખાબોચિયાને લઈ મચ્છરજન્ય રોગોનો ભરડો

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકામાં ચોમાસા દરમિયાન વાયરલ રોગોના કેસ જોવા મળી રહ્યા છે. ઘણી જગ્યાએ હજુપણ વરસાદી પાણીના ખાબોચિયાથી થતી ગંદકીના કારણે મેલેરીયા, ઝેરી મેલેરિયા જેવા રોગો વકર્યા છે.

દે.બારીઆ નગરમાં સીઝનલ રોગચાળો વકરી રહ્યો છે. જેમાં ખાનગી દવાખાના અને સરકારી દવાખાનામાં દર્દીઓ જોવા મળતા હોય છે. દે.બારીઆની સરકારી હોસ્પિટલ, પીપલોદ અને ડભવાનુ સી.એચ.સી.તથા તાલુકાના બીજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર પણ દર્દીઓનો ઘસારો થતો હોય છે. માહિતી અનુસાર આ સીઝનલ બિમારીમાં વધારે દર્દીઓ તાવ, માથુ, અને શરીર કળતર થતુ હોવાના વધુ આવતા હોય છે. વર્ષો પહેલા ગામડામાં ચોમાસાની સીઝન દરમિયાન ઘરે ઘરે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવતો હતો. અને એ દવાની તિવ્ર ગંધ લાગતા કેટલાય મચ્છર અને જીવડા મરી જતા હવે આવી કોઈ દવાનો છંટકાવ પીપલોદ વિસ્તારમાં થતો નથી. વધુમાં એક ખાનગી માહિતી મુજબ કોરોના વાયરસ વખતે દવાનો છંટકાવ થયો હતો. ગામડામાં ઘણા દર્દીઓ હજુ કોઈપણ સરકારી દવાખાનામાંથી સારવાર લેતા નથી. માટે કયા ગામના કેટલા દર્દીઓને કયા પ્રકારનો રોગ થયો છે અને કયો તાવ આવે છે તેની ચોકકસ નોંધ આરોગ્ય વિભાગને મળતી નથી. ઉલ્લેખનિય છે કે, કોરોના કાળમાંથી માંડ છુટકારો મળતા લોકોને હાશકારો થયો હતો. જો કે, હવે ચોમાસા દરમિયાન તાલુકામાં પડેલા ભારે વરસાદના કારણે ઠેર ઠેર નદીનાળા અને તળાવોમાં પાણી ભરાઈ ગયા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નહિ હોવાથી ચોમાસામાં પાણી ભરાઈ રહેતા થતી ગંદકીના કારણે સીઝનલ રોગચાળાનો ભોગ લોકો બની રહ્યા છે. અને તંત્ર પણ આ બાબતે અજાણ છે. આમ દે.બારીઆ તાલુકાના ગામડામાં વધી રહેલા તાવના દર્દીઓમાં ઘટાડો કરવા દરેક ગામમાં જંતુનાશક દવાનો છંટકાવ તંત્ર દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

લીમખેડાના ધાનપુર (દુ) ગામે ૩૦ વર્ષીય યુવાન નદીના પાણીમાં ડુબી જતાં મોત

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ધાનપુર (દુ) ગામે એક ૩૦ વર્ષીય અજાણ્યો યુવક ગામમાંથી પસાર થતી એક નદીના પાણીમાં ડુબી જવાથી મોતને ભેટતાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૨૭મી ઓગષ્ટના રોજ ધાનપુર (દુ) ગામેથી પસાર થતી નદીમાંથી આશરે ૩૦ થી ૩૫ વર્ષીય અજાણ્યા યુવકની લાશ મળી આવતાં ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ ઘટનાની સ્થળે દોડી ગઈ હતી અને મૃતક યુવકના મૃતદેહને નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરવામાં આવ્યાં હતાં. કહેવાઈ રહ્યું છે કે, આ યુવકનું ડુબી જવાથી મોત નીપજ્યું હતું. ત્યારે આ સંબંધે લીમખેડા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદ હાઈવે પર રિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલા ઝાલોદ હાઈવે ઉપર રિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક વ્યકિતનુ મોત નીપજ્યું હતુ જ્યારે ત્રણ વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. દાહોદ-ઝાલોદ હાઈવે પર રિક્ષા અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલકનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. જ્યારે રિક્ષામાં સવાર ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઝાલોદ તરફથી આવતો બાઈક ચાલક અને દાહોદ તરફથી ઝાલોદ તરફ જતી રિક્ષા વચ્ચે અકસ્માત થતાં બાઈક ચાલક રોડ ઉપર ફંગોળાયો હતો. જેથી બાઈક ચાલક રોડ ઉપર ફંગળાતા બાઈક ચાલકનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. અકસ્માત થતાં રિક્ષા રોડ નજીક ખાડામાં ખાબકી હતી. રિક્ષામાં સવાર ડ્રાઈવર સહિત ત્રણ લોકોને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના લોકો દોડી આવીને ૧૦૮ને જાણ કરી ઈજાગ્રસ્તોને દાહોદના ઝાયડસ હોસ્પિટલ સારવાર અર્થે મોકલ્યા હતા. અકસ્માતની જાણ દાહોદ તાલુકા પોલીસને થતા તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પી.એમ.અર્થે મોકલી મોતના કાગળો કરી વાહનોને કબ્જે લઈ અકસ્માતના કાગળો કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

દાહોદ જિલ્લા પ્રા.શિક્ષક સંઘની સંકલન મિટીંગ લીમખેડા ગામે યોજાઈ

દાહોદ,

સંયુકત કર્મચારી મોરચો દાહોદ જિલ્લો અને દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની સંકલન સભા પ્રગતિ ગર્લ્સ સ્કુલ લીમખેડા ખાતે યોજવામાં આવી હતી. આ સભામાં દાહોદ જિલ્લાના ૧૩ જેટલા મંડળ અને સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના લાગુ કરવા માટે તથા કેટલાક પડત પ્રશ્નો અંગેની માંગણીઓ માટે આગામી તા.૩ થી ૧૧ નવેમ્બર અને ૨૨થી ૩૦ નવેમ્બર દરમિયાન યોજાનાર આંદોલનમાં કાર્યક્રમો માટે આયોજન અને રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. સંયુકત કર્મચારી મોરચાના પ્રમુખ અને દાહોદ જિલ્લા પ્રાથમિક સંઘના પ્રમુખ સુરતાનભાઈ કટારાએ સૌને મોટી સંખ્યામાં આંદોલનમાં જોડાઈને આંદોલનને સફળ બનાવવા માટે સૌને અપીલ કરી હતી. સંકલન સભામાં નીલકંઠભાઈ ઠકકર મહેન્દ્ર ઉં.મા, પટેલ મહેન્દ્રભાઈ લવાણા, સુરેશભાઈ પટેલ, વિલશનભાઈ સંગાડા, મહેસુલ અને પંચાયત મંડળના હોદ્દેદારો, આરોગ્ય તલાટી મંડળ, આશ્રમશાળા નગરપાલિકા તથા વિવિધ મંડળના હોદ્દેદારોની જિલ્લા સંઘના હોદ્દેદારો ઘટક સંઘના પ્રમુખ મંત્રી મહિલા વિંગના ચેરમેન, સેક્રેટરીની બહેનો ઉપસ્થિતિમાં કર્મચારીઓના જુની પેન્શન યોજના સાથે વિવિધ માંગણીઓ ન સંતોષાતા ત્યાં સુધી આંદોલનમાં સાથ અને સહકાર આપવા માટે એક સુરે નકકી કરવામાં આવ્યુ હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.07

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

પાવાગઢ-હાલોલ બાયપાસ હાઈવે ઉપર અંકલેશ્વર થી ઈકોમાં

દર્શને આવતાં પરિવારને અકસ્માત નડતા ૫ વર્ષીય બાળકી સહિત ત્રણના કરૂણ મોત

- બે ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ વડોદરા ખસેડવામાં આવ્યા.
- ઈકોના ચાલકે ઓવર ટ્રેક કરવામાં રેલીંગ સાથે ગાડી ભટકાવી દેતાં મોત.

ગોધરા, પાવાગઢ બાયપાસ હાઈવે રોડ ઉપર અંકલેશ્વર થી પાવાગઢ દર્શનાર્થે ઈકો ગાડી લઈ આવ્યા હોય હાઈવે રોડ ઉપર લક્ઝરી બસની ઓવર ટ્રેક કરવા જતાં ઈકો ગાડીના ચાલકે સ્ટેરીંગ ઉપરના કાબુ ગુમાવી રોડ સાઈડની રેલીંગ સાથે અથડાતા ઈકોમાં સવાર પાંચ વર્ષીય બાળકી, ૬૦ વર્ષીય વૃધ્ધા સહિત એક પુરૂષનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે વ્યકિતને સારવાર અર્થે હાલોલ રેફરલમાં ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ જીલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે શનિ-રવિના રજાના દિવસોમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ઉમટી પડતા હોય છે. રવિવારના દિવસે વહેલી સવારે મુળ ઉત્તર પ્રદેશ અને હાલ અંકલેશ્વર રહેતા પ્રજાપતિ પરિવાર ભાડાની ઈકો ગાડી લઈને પાવાગઢ દર્શન માટે આવી રહ્યા હતા. ત્યારે પાવાગઢ-હાલોલ બાયપાસ હાઈવે રોડ ઉપર ગોપીપુરા ગામ પાસે ઈકો ગાડીનો ચાલક ખાનગી લકઝરી બસની ઓવર ટ્રેક કરવા જતા પોતાની ઈકો ગાડીના સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી રોડ સાઈડની રેલીંગના ભાગે ધડાકાભેર અથવાડી દીધી હતી. ઈકો કાર રેલીંગ સાથે અથડાતા ઈકોમાં સવાર પ્રજાપતિ પરિવારના સભ્યો પૈકી ૫- વર્ષીય બાળકી, ૬૦- વર્ષીય વૃધ્ધા તેમજ એક પુરૂષનું ઘટના સ્થળે કરૂણમોત નિપજાવા પામ્યા હતા. અકસ્માતની ઘટનાને લઈ ૧૦૮ ટીમ અને પોલીસ ઘટના સ્થળે દોડી આવી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે વ્યકિતને સારાવર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખસેડી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે હાલોલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લાના બિનસચિવાલય કારકુન વર્ગ-૩ના કર્મચારીઓ દ્વારા ગ્રેડ-પે ની માંગની સાથે સરકારને રજુઆત

- પગાર ધોરણમાં એકસુત્રતા જાળવવા જેવી માંગણીઓ.
- તાજેતરમાં બિનસચિવાલય કલાર્ક વર્ગ-૩ દ્વારા ગ્રેડ-પેની માંગણી સાથે સરકારને રજુઆત કરવામાં આવી છે.

ગોધરા, સરકારના ધારા ધોરણ મુજબ સરકારની નિયત સંસ્થા ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી બિનસચિવાલય કલાર્ક વર્ગ-૩/સચિવાલય ઓફીસ આસિસ્ટન્ટની સીધી ભરતીથી વિવિધ વિભાગના જુનિયર કારકુન તરીકે પસંદગી આપવામાં આવી હતી મેરીટના ધોરણે અન્ય કારકુન ઉમેદવારોને મહેસુલી ખાતા/ઓફિસ આસીસ્ટન્ટમાં પસંદ કરવામાં આવેલ હતા. જ્યારે અન્ય કારકુનોને વિવિધ ખાતામાં પસંદગી મળેલ હતી.

એક જ ભરતી એક જ પરીક્ષા એક જ તાલીમ તેમજ કામગીરી પણ એક હોવા છતાં અન્ય ખાતાના કારકુનને પ્રથમ બઢતી ૨૪૦૦ ગ્રેડ પે જ્યારે મહેસુલ વિભાગ તેમજ સચિવાલયના કર્મચારીઓને પ્રથમ બઢતી ૪૪૦૦ ગ્રેડ પે માં આપવામાં આવે છે. જે ખરેખર અન્યાય છે. માંગણીઓ સંતોષવામાં આવે તો સચિવાલય, મહેસુલ તેમજ તમામ ખાતાના પગાર ધોરણમાં એકસુત્રતા જળવાશે અને કર્મચારીઓમાં કામગીરીનો ઉત્સાહ જળવાશે જેથી માંગણીઓ સત્વરે પૂર્ણ કરવા સંગઠન દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

શહેરાના મિરાપુર ગામે વિધાનસભા ચુંટણીને લઈ પ્રભારીના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાઈ

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં આવનારી વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા ગ્રામીણ વિસ્તારમાં મીટીંગોનો દોર શરૂ કરી દીધો હતો.

જ્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા તાલુકા ના મિરાપુર ગામ ખાતે વિધાનસભાની બેઠક પર વિજય મળે તે હેતુથી બુથ સમિતી તેમજ જનમિત્રોની મીટીંગ મધ્ય ગુજરાત જોનના પ્રભારીની અધ્યક્ષ સ્થાને યોજાઈ જેમાં ઉપસ્થિત સૌને ચૂંટણીલક્ષી કામગીરીની તૈયારીમાં લાગી જવા માટે હાકલ કરાઈ હતી.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં રાજકીય પક્ષો દ્વારા ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને મિટીગોનો દોર શરૂ કરવામા આવ્યો છે. જ્યારે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ૧૨૪ વિધાનસભાના તમામ બુથ સમિતિ તથા જનમિત્રોની એક મીટીંગ તાલુકાના મીરાપુર મુકામે પર્વતસિંહ ચૌહાણના નિવાસ્થાને રાખવામા આવી હતી. જેમાં કોંગ્રસપક્ષ દ્વારા બુથ લેવલથી માંડીને વિધાનસભા વિસ્તારમાં સંગઠન મજબુત બને તે હેતુથી આ મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિધાનસભાની ચૂંટણી પહેલા રાખવામાં આવેલી મહત્વની મીટીંગ મધ્ય ગુજરાત જોનના પ્રભારી ઉષાબેન નાયડૂ અને જિલ્લા લોકસભા નિરીક્ષક તારાચંદ ભગોરાની અધ્યક્ષતામાં યોજોવા સાથે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જિલ્લા લોકસભાના પ્રભારી ચિરાગભાઈ શેખ, ક્ષજિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટીનું સ્વાગત પુષ્પગુચ્છ આપીને પર્વત સિંહ ચૌહાણ, તખતસિંહ સોલંકી, કમુબેન બારીયા, કોંગ્રેસ તાલુકા પ્રમુખ આરતસિંહ પટેલ, દુષ્યંત સિહ ચૌહાણ, જે.બી.સોલંકી તેમજ રંગીતસિંહ પગી, સાજીદભાઈ વલી સહિત તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. મધ્ય ગુજરાત ઝોનના પ્રભારી ઉષાબેન નાયડુએ ઉપસ્થિત સૌને કોંગ્રેસ પક્ષ વધુ મજબૂતાઈ સાથે આગળ વધે અને જન જન સુધી કાર્યકર્તાઓને પહોંચી જવા માટે હાકલ કરવા સહિત બીજા મહત્વના મુદ્દાઓ વિશે ચર્ચા કરાઇ હતી. આવનાર વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં મતદારોનું સમીકરણ જોતા લોકચર્ચા મુજબ કોંગ્રેસ પક્ષ માંથી પર્વતસિંહ ચૌહાણ, તખતસિંહ સોલંકી કે પછી જે.બી. સોલંકીને ટિકિટ મળે તેવી શક્યતા જોવાઇ રહી છે.

ઘરમ ખેતર પાલ્લા પ્રાથમિક શાળામાં શાળા વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, તારીખ ૨૮.૮.૨૦૨૨ને રવિવારના રોજ શાળાના વાર્ષિક ઉત્સવ નિમિત્તે શાળા એસ.એમ.સી.ના અધ્યક્ષ તથા શાળાના આચાર્ય જશુભાઈ મકવાણા, શિક્ષક નરેશભાઈ ચારેલ તથા આ શાળાના પૂર્વ શિક્ષક પ્રવીણભાઈ પરમાર અને એસ.એમ.સી. સભ્યો, વાલીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ, માતાઓ બહેનો, અને શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શાળામાં ધાર્મિક વાતાવરણ ઊભુ થાય તે માટે ફળ હોમ યજ્ઞ કરવામાં આવ્યો હતો અને ગામ લોકોના દ્વારા ભજન કીર્તન તથા સત્સંગ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. શાળા સ્થાપના દિવસ નિમિત્તે દુધાપૂરા શાળાના શિક્ષક રાજેશભાઈ પટેલની ઉપસ્થિત રહી હતી. તેઓએ વાલીઓ તથા શાળાના બાળકોને શિક્ષણ વિશે અને મતદાર જાગૃતિ વિશે માહિતી આપી હતી.

મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત પાલ્લાના બી.એલ.ઓ. નરેશભાઈ દ્વારા ગામ લોકોને મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા બાબતે માહિતી આપી હતી. અને બાકી રહેલા યુવા મતદારોને વહેલી તકે મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે અપીલ કરી હતી.

ખરેખર ગામડાંઓની ઊંડાણ વિસ્તારની શાળાઓમાં વાર્ષિક ઉત્સવની ઉજવણી કરી શિક્ષણને વધુમાં વધુ વેગ અને પ્રોત્સાહન મળે તેવું સુંદર કાર્ય કરી શિક્ષણ વિભાગમાં ઉત્તમ ઉદાહરણ આ નાનકડી શાળાએ પૂરૂં પાડેલું છે. ત્યારે તેઓને અભિનંદન પાઠવવામાં આવે છે.

હાલોલમાં ગણેશ મહોત્સવને લઈ ગણેશ મંડળોમાં અનેરો ઉત્સાહ

હાલોલ, હાલોલ શહેરમાં ગણેશ મહોત્સવ પૂર્વે શ્રીજીની પ્રતિમાઓનું આગમન થઈ રહ્યું છે. આજે શનિવારે રાત્રે હાલોલ નગરના શિવાય ગ્રુપના શ્રીજીની પ્રતિમાને વાજતે ગાજતે લાવવામાં આવી હતી. રાત્રે નગરમાં પધારી રહેલા પહેલા ગણેશને આવકારવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. ડીજેના તાલ સાથે ભક્તોના નાચગાન વચ્ચે હાલોલના મહેમાન બની પધારેલા ગણેશજીને વડોદરા રોડ ઉપર થી કંજરી રોડ સુધી લાવવામાં આવ્યા હતા.

ગણેશ ચતુર્થીને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે હાલોલ નગરમાં ગણેશ આગમનને લઈ ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે શનિવારે રાત્રે હાલોલ નગરના પ્રથમ ગણેશનું આગમન થયું હતું. કંજરી રોડ ઉપર મધુવન અને દર્પણ સોસાયટી વિસ્તારના શિવાય ગ્રુપના શ્રીજીને વાજતે ગાજતે લાવવામાં આવ્યા હતા. ગણેશજીને આવકારવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ડીજેના તાલ સાથે આનંદ અને ઉત્સાહ ભેર ભક્તોના નાચગાન સાથે વિશાળ ગણેશજીની પ્રતિમાને વડોદરા રોડ ઉપર ફાયર સ્ટેશન પાસે થી નગરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રતિમાને કંજરી રોડ ઉપર આવેલા પાંડલ સુધી લાવવામાં આવશે. જ્યાં ગણેશ ચતુર્થીના દિવસે સ્થાપના કરી ભક્તો દ્વારા દસ દિવસ સુધી પૂજા આરાધના કરવામાં આવશે.

હાલોલ-પાવાગઢ સુધી રોડ સાઈડે લાઈટીંગની વ્યવસ્થા કરાઈ હતી તે તંત્રની બેદરકારીના લીધે બંધ

હાલોલ, પાવાગઢ ડુંગર પર બિરાજમાન મહાકાળી મંદિરની કાયાપલટને લઈ લાખો કરોડો ભકતોની આસ્થા બેવડાઈ ગઈ છે. ૫૦૦ વર્ષ બાદ પાવાગઢના નવીન શિખર મંદિર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ધ્વજારોહણ કરાયા બાદ પાવાગઢને ચાર ચાંદ લાગી ગયા હોય તેમ રોજ હજારોની સંખ્યામાં યાત્રાળુઓનો ધસારો જોવા મળે છે. તો બીજી તરફ સરકાર પાવાગઢ આવતા યાત્રાળુઓને પ્રાથમિક સુવિધાઓ સહિત સુરક્ષા-વ્યવસ્થામાં કોઈ કમી ન રહે તે માટે તાકિદ કરી રહી છે તેમ છતાં તંત્રની લાપરવાહીને લઈ યાત્રાળુઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલોલથી પાવાગઢ મુખ્ય માર્ગની વચ્ચે પોલ ઉભા કરી લાઈટીંગની વ્યવસ્થા કરાઈ છે પણ કમનસીબે છેલ્લા ઘટના વખતથી હાલોલથી માંચી સુધીના રોડ પર લાઈટો બંધ રહેતા પાવાગઢ પગપાળા આવતા જતા યાત્રાળુઓ અસલામતીનો અહેસાસ કરી રહ્યા છે. હાલોલ જ્યોતિ સર્કલ સુધી ૬ કરોડના ખર્ચે ફોરલેન રોડ બનાવાયો છે. રોડની વચ્ચે પોલી ઉભા કરી લાઈટીંની વ્યવસ્થા સાથે પગપાળા આવતા યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં લઈ રોડની ડાબી બાજુ ફુટપાથ બનાવી પ્રોટેકશન ગ્રીલ લગાવાઈ છે. પણ હાલ લાઈટો બંધ હોવાથી રાત્રે આવતા પગપાળા યાત્રાળુઓને ચાલવા સાથે અકસ્માતની ભિતી સેવાઈ રહી છે.

મિત્રમ ફાઉન્ડેશન દ્વારા ઓપન ચેસ ટુર્નામેન્ટનું કરાયું આયોજન



ગોધરા, મિત્રમ ફાઉન્ડેશન દ્વારા હાલોલ નગરપાલિકા કમ્યુનિટી હોલ ખાતે ઓપન હાલોલ ચેસ ટુર્નામેન્ટનું ત્રણ કેટેગરી માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં નગરપાલિકાના ચીફ ઓફિસર બારીયા દ્વારા સહકાર મળ્યો હતો. આ ટુર્નામેન્ટ અન્ડર-૯ અન્ડર ૧૪ અને અંડર-૨૦ કેટેગરી માટે આયોજિત કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં હાલોલના કુલ ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ચેમ્પિયન, ફર્સ્ટ રનર અપ અને સેકન્ડ રનર અપ વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે મિત્રમ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગોધરા સિંધી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું

ગોધરા, ગોધરા શહેર સિંધી સમાજના અભ્યાસ કરતા બાળકોનું તેજસ્વી તારલાનું સન્માન ગોધરા સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ ચાલીહા સાહેબ વ્રત પુર્ણાહુતિના દિવસે કરવામાં આવ્યું. વર્ષ ૨૦૨૨ માં ધો.૧૦, ધો.૧૨ ડિગ્રીકોર્ષ, સ્પેશિયલ કોર્ષમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિશિષ્ટ કોર્ષમાં ઉપલબ્ધિ હાંસલ કરી હોય તે તમામે તમામ બાળકોઓનેં શિલ્ડ અને મેડલ સમાજના આગેવાનો અને હોદ્દેદારો દ્વારા આપવામાં આવેલ. આયુષી હરેશકુમાર મંજાણીને ધોરણ-૧૦માં ૯૧% મેળવવા બદલ અને અન્ય તમામ તેજસ્વી તારલાઓનું સમાજના સંતો એ આશીર્વાદ આપી સન્માનિત કરેલ. આ કાર્યક્રમમાં પરમ પૂજ્ય ટીટી પુષ્પાબેંન, અશોકભાઈ ભગત, ગોધરા સિંધી સમાજના પૂર્વ પ્રમુખ કિશોરીમલ ભાયાણી, કમલેશભાઈ શર્મા, માજી નગર પાલિકા પ્રમુખ મુરલીભાઈ મુલચંદાણી, દક્ષિણ પ્રાંતના પ્રમુખ દયાલભાઈ ભગત, લીલારામ સંતાણી, અશોકભાઈ રાવલાણી સહિત સિંધી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગોધરા સિંધી સમાજના બાળકોને પ્રેરણા આપવાનું આ કાર્યક્રમનું ખુબજ સુંદર સંચાલન રાજુ ભાઈ લાલવાણી અને લલિતભાઈ મગનાની સહિત સેવારથીઓ દ્વારા કરવામાં આવેલ.

ગોધરા-વડોદરા હાઈવે ટેસ્ટી પોઈન્ટ રેસ્ટોરેન્ટ હોટલ સામે ફોર વ્હીલની ટકકરે અજાણ્યા વ્યકિતનું મોત

ગોધરા, ગોધરા-વડોદરા હાઈવે રોડ ટેસ્ટી પોઈન્ટ રેસ્ટોરન્ટ હોટલ સામે ફોર વ્હીલ ચાલકે પુરઝડપે હંકારી લાવી અજાણ્યા વ્યકિતને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ કરતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા હાઈવે રોડ ટેસ્ટી પોઈન્ટ રેસ્ટોરન્ટ હોટલ સામે ફોર વ્હીલ નં. જીજે.૧૭. એએચ.૮૨૫૨ના ચાલકે પુરઝડપે હંકારી લાવી અજાણ્યા ઉ.વ.૪૨ વ્યકિતને માથાના ભાગે ઈજાઓ કરી શરીરે ગંભીર ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નિપજાવી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

ગોધરા તેલંગ હાઈસ્કુલ પાછળ મેશરી નદી ઢાળમાં ફરક આંકનો જુગાર રમાડતા ઈસમને ઝડપ્યો

ગોધરા, ગોધરા તેલંગ હાઈસ્કુલ પાછળ મેશરી નદીના ઢાળમાં ખુલ્લી જગ્યામાં ફરક આંકનો જુગાર રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી એક ઈસમને ૯,૨૫૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તેલંગ હાઈસ્કુલ પાછળ મેશરી નદીના ઢાળમાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમી રમાડતા હોય તેવી બાતમીના આધારે એ ડીવીઝન પોલીસે રેઈડ કરી સમીર મુનાફભાઈ મિસ્ત્રીને આંકલા લખવાની સ્લીપ બુક અને રોકડ ૯,૨૫૦/- રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

મ્યુનિ.ના એક્શન પ્લાનનો ફિયાસ્કો થયો, માત્ર ગણતરીના ઢોર પકડવામાં આવ્યા

અમદાવાદ, અમદાવાદમાં રખડતા ઢોરના કારણે સર્જાતા અકસ્માતો અને ટ્રાફિકની ગંભીર સમસ્યાને ધ્યાનમાં લઈને ગુજરાત હાઈકોર્ટે આકરી ઝાટકણી કાઢયા પછી એએમસી તંત્ર સફાળું જાગ્યું હોય તેવું નાટક કરી રહી હોય તેવું લાગી રહ્યું છે કારણ કે ૧૦૯ પશુ પકડીને શહેરમાંથી છેલ્લાં ત્રણ દિવસમાં ફક્ત ૨૯૭ ઢોર પકડયા છે અને રખડતા ઢોર પકડવાની કામગીરીમાં અવરોધ ઉભો કરવા બદલ પાંચ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરીને ધરપકડ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પશુઓ રખડતા મૂકવા બદલ ૬૦ ફરિયાદ કરાઈ છે. ૧,૭૫૧ કિલોગ્રામ ઘાસચારો જપ્ત કરાયો છે અને ૧૩ પેડલ રીક્ષા, લારીઓનો જપ્ત કરાઈ છે. મ્યુનિ. દ્વારા રખડતા ઢોર પકડવાની કામગીરીમાં અવરોધ કરવા, પશુ ભગાડવા બદલ ઓઢવમાં ગણેશ યાદવ અને સતરામ કુમાર, સંતોષ પાસવાન, અને હરીશચંદ્ર ગૌતમ, નિકોલમાં મનુ હમીર ભરવાડ, બોપલમાં વિપુલ રબારી, ચાંદખેડામાં સંજય રબારી અને અમરત રબારી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ બાદ ધરપકડ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે.

હાલોલના હિમ્બી ગામ પાસે બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલકનું મોત

હાલોલ, હાલોલ તાલુકાના હિમ્બી ગામે વિવેક હોટલ થી થોડા દુર બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સ્લીપ ખવડાવી શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમ્યાન મોત થવા પામ્યું છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે હાલોલ તાલુકાના હિમ્બી ગામે વિવેક હોટલ થી થોડા દુર નવી બાઈકના પાલક પોતાનું બાઈક પુરઝડપે હંકારી લાવી રોડ ઉપર સ્લીપ ખવડાવી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.